Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષાભિનંદન ... | ( છોટમ અ. ત્રિવેદી ) ... ... | ૭૫ |
| ૨. | દિવાળીનું સત્ય સ્વરૂપ શું ? | ( રેવાશંકર વાલજી બધેકા ) ... | ૭૬ |
| ૩. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... | ( અનુવાદ ) ... ... ... | ૭૮ |
| ૪. | અધ્યાત્મકલ્પદ્રુમ–અનુવાદ | (ભગવાનલાલ મનઃસુખભાઇ મહેતા) ... ... | ૮૨ |
| ૫. | ક્રોધ કષાય ... ... | ( આત્મવલ્લભ ) ... ... | ૮૬ |
| ૬. | શ્રી નવપદ ગુણગર્ભિત સિદ્ધચક્ર મહિમા | ( સ. ક. વિ. ) ... | ૮૮ |
| ૭. | બ્રહ્મચર્ય આશ્રમનો પ્રભાવ ... | ( ,, ) ... | ૯૦ |
| ૮. | વીતરાગ સ્તોત્ર–પ્રકાશાનુવાદ પ્રભુના અતિશય વર્ણન | (,,) ... | ૯૧ |
| ૯ | રાજવંશનો રક્ષણહાર ને દેશનો શણગારણહાર | ( ન્હાનાલાલ દ. કવિ) | ૯૫ |
| ૧૦. | સ્વીકાર અને સમાલોચના ... ... ... ... | | ૧૦૨ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... ... ... ... ... | | ૧૦૪ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.


### નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ મણિલાલ નારણજી | લાઇફ મેમ્બર |
| ૨ | શેઠ માણેકલાલ જેઠાલાલ | ,, |
| ૩ | શેઠ અનોપચંદ નરશીદાસ | ,, |


જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

### શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६४. कार्तिक, आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक ४ थो.

## નૂ · ત · ન · વ · ર્ષા · ભિ · નં · દ · ન

નૂતનવર્ષાભિનંદન હે " જૈનો " આજે,
યશોગાન તારાં ગવાજો સમાજે;
પૂરી પ્રેમ–આશિષ શ્રી મહાવીર દેશે,
**તેની** જ દયાથી ભલા કામ કરજે.

અહાહા ! અહોહો હો ! ! આનંદ આજે !
મહાવીર–પ્રેમ હૃદયમાં બિરાજે !
ભલા ભાગ્યશાળી દયાવંત થાજો !
સુવિદ્યાતણા જાણનારા ગણાજો ! !

" છોટમ " અ. ત્રિવેદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીરંગ દીપોત્સવીરંગ આત્મજ્યોતિરંગ

# दीवाळीनुं सत्य स्वरूप शुं?

દોહરો

આજ દિવસ દીવાળીનો, કાલે નૂતનવર્ષ,
ઉભય પક્ષ અવલોકશો, જો ચાહો ઉત્કર્ષ. ૧

હરિગીત છંદ

ગૃહ ગૃહ દીવા પ્રગટાવશો, રમ્યક બનાવો રોશની,
ઝળકી રહે રળિયામણી, એ જ્યોત રંગભરી બની;
એ જ્યોતિ, એ સૌંદર્યને, વાયુ વીખેરી નાખશે,
"દિલમાં દીવા પ્રગટાવશો," તો **सत्य दीवाळी** થશે. ૧

હાંડી, ઝુમર કે ગ્લાસમાં, શોભા રૂપાળી લાગશે,
પણ તેલવતી પાત્રની, એ સાહ્યતાઓ માગશે;
એવા પરાધીન દીપકો, શું તેજ નિત્ય પ્રકાશશે ?
"અંતરદીપક અજવાળશો," તો **सत्य दीवाळी** થશે. ૨

આયુષ્ય જેનું અલ્પ તે, અંધારું શું ટાળી શકે ?
સામગ્રીઓ હાજર છતાં, લય થાય છે વાયુથકે;
આ દેહ ને દીવાતણો, વિશ્વાસ શી રીતે થશે ?
"હા આત્મજ્યોતિ જગવશો," તો **सत्य दीवाळी** થશે. ૩

આતશતણા ખેલો વિવિધ, ખાંતેથી જોવાને જશો,
ફટ ફટ ફટાકડાઓ વદે, એ મર્મ ઉર વિચારશો;
ઊંચે ગબારાઓ ચઢે, એ ક્ષણિક રહી ભસ્મી થશે,
"ઊંચું ચઢાવો આત્મબળ," તો **सत्य दीवाळी** થશે. ૪

નામાં લખ્યા છે જે જમા-ઉધાર આખા વર્ષનાં,
વ્યાજો વધારીને નિહાળો, આંકડાઓ હર્ષનાં;
એ ઠીક, પણ આ દેહનો સાચો હિસાબ રહી જશે,
જો પુણ્ય—પાપ તપાસશો, તો **सत्य दीवाळी** થશે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદભર સ્નેહી સગાંને, હાથ જોડી જુહારીએ,
લખીએ મુબારક પત્રિકાઓ, ભાવ-ભેટ સ્વીકારીએ;
પણ "આત્મવત્ સર્વે ભૂતેષુ," સૂત્ર જો ઉર વ્યાપશે,
તો "સર્વકૃતિ" સાફલ્ય થઇને, સત્ય દિવાળી થશે. ૬

રહેણી અને કરણીતણો, વાર્ષિક હિસાબ તપાસશો,
શું શું કમાયા? શું ગુમાવ્યું? નેક દૃષ્ટે દેખશો;
ત્રાણુંતણા અવલોકનો, ચોરાણુમાં ખપ લાગશે,
દીવાળી થાશે સત્ય જો, —ઉર આત્મજ્યોતિ જાગશે ૭

દોહરા

ત્રાણું વેગે વહી ગઇ, ચોરાણું પણ જાય;
ચેતો ચેતો!! સુઘડ નર, નવલું વ્હાણું વ્હાય. ૧

સમાજના સાચા દીવા, નરરત્નો પ્રગટાય;
સદ્ધર્મે સત્કર્મથી, ઉદય આપણો થાય. ૨

સંસારે સરખા રહો, આત્મજ્ઞાનનું કેન્દ્ર,
ઉરથી દૂર રહે નહીં, જય જય પ્રભુ જિનેન્દ્ર ૩

ભાવનગર વડવા
સં. ૧૯૯૩ ની દીપોત્સવી

લી० શુભચિંતક
**રેવાશંકર વાલજી બધેકા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૫૪ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

સચ્ચિદાનંદમય દશા વિના સત્ય સુખની પ્રાપ્તિ કદાપિ શકય નથી એ આપણે જોયું છે. સચ્ચિદાનંદમય સ્થિતિ એ જ પરમાત્મ દશા છે. આદમે જીવન-વૃક્ષનાં જ ફળોનો આસ્વાદ કર્યો ત્યાં સુધી તેની દશા સુખમય હતી. જ્ઞાન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ કરતાં જ તેને દુઃખની પરિણતિ થઇ. અજ્ઞાનના પ્રાદુર્ભાવ અને સ્વીકારથી તેનું ઘોર અધઃપતન થયું. અજ્ઞાન હોય ત્યાં અધઃપતન જ સંભવે. અજ્ઞાનનાં અસ્તિત્વને કારણે આત્માનું સાયુજ્ય ન રહ્યું. આ પ્રમાણે આદમને ઉચ્ચ દશામાંથી દુઃખ અને દુર્દશાની સંપ્રાપ્તિ થઇ. પોતે દેવ જેવો હોવા છતાં, પોતાનું સ્વરૂપ દેવથી ઉતરતું હોવાનું માની, જ્ઞાન-વૃક્ષનાં ફળોના આસ્વાદથી દેવત્વ પ્રાપ્ત કરવાનો આદમને મનોરથ થયો. દેવોથી પોતાનું સ્વરૂપ નિકૃષ્ટ કોટિનું છે એવા મનોભાવ માત્રથી તેનાં દેવો સાથેનાં સહચારિત્વનો એકાએક અંત આવ્યો. સ્વર્ગને બદલે મૃત્યુ-લોક તેનું નિવાસસ્થાન બન્યું. વિચાર જેટલા જ વિદ્યુત્ વેગે આદમનું મૃત્યુ-લોક ઉપર અવતરણ થયું. સ્વલ્પ સમયમાં કેટલો બધો અધઃપાત! દિગમ્બર દશાનું ભાન થતાં આદમમાં ભય-વૃત્તિનો પણ પ્રાદુર્ભાવ થયો. પોતાથી કોઈ મહાન્ દોષ થઇ ગયો છે એવો કંઇક ભાવ પણ તેનાં ચિત્તમાં સ્ફુરી આવ્યો. આમ છતાં એ દોષ શો હતો અને કયી રીતે થયો હતો તે તેનાથી ન જ સમજી શકાયું. મૃત્યુનાં પુરોગામી અને અજ્ઞાનનાં કારણરૂપ ભયદશાની આદમમાં પરિણતિ થઇ. મનુષ્યે સ્વલ્પ કાળમાં દેવત્વ અને અમરત્વ બન્ને ગુમાવી દઇ અજ્ઞાનજન્ય અને મરણાધીન સ્થિતિ પ્રાપ્ત કરી.

જ્ઞાન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ ન કરવાનો પ્રભુએ શા માટે આદેશ આપ્યો હતો એ આદમનાં અધઃપતનથી બરોબર સમજી શકાય છે. ઇશ્વરનો એ આદેશ કોઇ રીતે મનસ્વી ન હતો. એ આદેશનું વસ્તુસ્વરૂપ જ એવું હતું કે, તેનાં ભંગથી અનિષ્ટ પરિણામો જ આવે. આત્મા જ શાશ્વત અને સત્ય દ્રવ્ય હોવાથી ઇષ્ટ અનિષ્ટનું જ્ઞાન પ્રાપ્ત કરવાની આદમને કશીયે જરૂર ન હતી. ઈષ્ટ અને અનિષ્ટના ભેદ જાણવા નિમિત્તે આદમને જ્ઞાન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ કરવાની જરાયે આવશ્યકતા ન હતી. જગતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઈ પણ ઈષ્ટ–અનિષ્ટ ન હોવાથી, ઇષ્ટ–અનિષ્ટનાં જ્ઞાનની જરૂર જ શી હોય ? આ રીતે વિચારતાં, જ્ઞાન–વૃક્ષનાં ફલોનાં આસ્વાદનો નિષેધ અત્યંત મહત્ત્વનો હતો. આંતરદેવે શરીરને મનુષ્ય( આત્મા )રૂપ ન માનવાનો આદમને ગર્ભિત રીતે આદેશ આપ્યો હતો. આમ છતાં આદમે આંતરદેવના આદેશનો ખુલ્લે ખુલ્લો ભંગ કર્યો. આથી આત્મા ઉપર એક પ્રકારનું બંધન મૂકાયું. આદમને નગ્નદશાનું ભાન થયું. પોતે દેવ નથી એવી તેને પ્રતીતિ થઇ. સ્વયંભૂતા અને સુખને બદલે તેને પરાધીનતા અને દુઃખની પ્રાપ્તિ થઇ. સત્ય તત્ત્વની અવગણના કરી આદમે બાહ્ય રૂપોમાં નિમગ્ન થવા માંડયું એટલે તેની અવદશા થઇ. ભૌતિક વિશ્વમાં વિલીન થઇ પરિભ્રમણ કર્યાથી તેનું ગૌરવ નામશેષ બન્યું. કુદરતના શાશ્વત નિયમનો ભંગ કર્યાથી તેને શાશ્વત શોક અને અનુતાપની પરિણુતિ થઇ. આથી જ કઠોપનિષદમાં યથાર્થ જ કહ્યું છે કેઃ—

" પર્વતનાં શિખર ઉપર પડતું પાણી જેમ સત્વર અધોગમન કરે છે તે જ પ્રમાણે ઈશ્વરના ગુણ ( આત્માથી ) ભિન્ન માનનારો મનુષ્ય ઘોર તિમિર પ્રત્યે વેગપૂર્વક અભિગમન કરે છે."

આત્મા એ જ વસ્તુતઃ પરમાત્મા છે. પરમાત્મ પદનો સાક્ષાત્કાર કરવામાં નિષ્ફળતા પ્રાપ્ત કરવી એથી ભય, મૃત્યુ આદિ સંભવે છે એ નિઃશંક છે. આત્માનાં ઉચ્ચ સ્વરૂપની છેક ઉપેક્ષા કરીને ભૌતિક વસ્તુઓને જ પ્રાધાન્ય આપવાથી દુઃખ, અજ્ઞાન અને મૃત્યુ–દશાની જ નિષ્પત્તિ થાય. આત્મારૂપ મહોદધિને બિન્દુ સમાન ગણનારો મનુષ્ય બિન્દુરૂપે જ રહે છે. આત્માની મહોદધિરૂપે પુનઃ ગણના ન થાય ( કરે ) ત્યાં સુધી મનુષ્ય બિન્દુવત્ સ્વલ્પ અને ક્ષુદ્ર દશામાં જ રહે છે.

મનુષ્યનું અધઃપતન થતાં તેનું સ્વરૂપ મર્યાદિત બને છે. તે ભૌતિક વસ્તુઓમાં જ પોતાનું સર્વસ્વ માની લે છે. સ્વાર્થ વૃતિના ઘોર પ્રાદુર્ભાવને કારણે તેનામાં દ્વૈતભાવ જાગે છે. પરમાત્મા અને આત્મામાં અનંત ભેદ હોય એવી માન્યતા રૂઢ થઇ જાય છે. લોભ આદિ મહાન્ દુર્ગુણોના ઉદ્ભવથી મનુષ્યનું સતત અધઃપતન થયા કરે છે. મનુષ્ય વિવેકભ્રષ્ટ થયાથી તેનો હજારો રીતે વિનિપાત અહર્નિશ થયા કરે છે.

આત્માનાં અધઃપતનથી ભયદશાની સાહજિક રીતે પરિણુતિ થાય છે. ભય–દશાથી અનાથતા આવે છે. મનુષ્ય કુદરતનાં અનેક બળોથી વારંવાર કંપી ઊઠે છે. અનાથ દશામાં કુદરતનાં બળો સામે પોતાનું રક્ષણ કેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું તે તેને સૂઝતું પણ નથી. અમર જીવનની આસ્થાનું અંતરધ્યાન થયાથી, અશકિત અને ક્ષણિક લાલસાઓનું પ્રાધાન્ય થાય છે. મનુષ્ય દુઃખ, અજ્ઞાન આદિથી મુક્ત થવા ઘણાંયે ફાંફાં મારે છે પણ તે સર્વ વ્યર્થ નીવડે છે. દુઃખ અને અજ્ઞાનનો સર્વથા નાશ થઇ શકતો નથી. દુઃખ અને અજ્ઞાન તેનાં જીવન સાથે સંલગ્ન જ રહે છે. માનસિક અને શારીરિક દ્રષ્ટિએ જોતાં, ભયનાં પરિણામો જેવાં તેવાં અનિષ્ટ નથી એમ જરૂર કહી શકાય. ભયથી બુદ્ધિને પક્ષાઘાત થાય છે, ચિંતાનો ઉદ્ભવ નિરંતર થયા કરે છે, કોઇ કાર્ય યથાર્થ રીતે થઇ શકતું નથી. ભયથી શરીર અત્યંત લથડી જાય છે. ભયથી ચિત્ત સદૈવ સંક્ષોભમાં જ રહે છે. ભયથી નિર્માલ્યતા આવે છે. ભય આ રીતે જીવનને અનેકધા અનિષ્ટકર્ત્તા થઇ પડે છે. ભયથી જીવનનું સર્વથા નિકંદન થાય છે. જીવનરૂપ સત્ત્વનું અહર્નિશ શોષણ થયાં જ કરે છે. ભયથી મૃત્યુની આશંકા પણ અવારનવાર ઉદ્ભવ્યા કરે છે. ભયનું આ સર્વ સ્વરૂપ જોતાં ડાર્વીનના નિમ્ન વિચારો યથાર્થ થઇ પડે છેઃ—

"ભયભીત મનુષ્ય પૂતળાં જેવો અસ્થિર બની જાય છે. તેનાથી શ્વાસ પણ લઇ શકાતો નથી. પોતાને કોઇ જુવે પણ નહિ એવી ઇચ્છા પણ તેને થઇ જાય છે ભયથી ઘણીયે વાર હૃદયના ધબકારા ખૂબ વધી જાય છે. મુખ વિગેરે સાવ નિસ્તેજ બને છે. શરીર કંપી ઊઠે છે. ભયને પરિણામે કેટલીક વાર રોમાંચ પણ વિકસ્વર થાય છે. શરીરનાં અનેક કાર્યો ઓછાંવત્તાં અટકી પડે છે. મુખમાં શોષનો પ્રાદુર્ભાવ થાય છે. અવાજ અસ્પષ્ટ બને છે. ઓષ્ટનું કંપન પણ ઘણીયે વાર થાય છે. ભયથી દુઃખની પરિણતિ થાય છે. મૂર્છા પણ આવે છે. શરીરનાં અવયવોની કાર્ય-શક્તિ ઓછી થઇ જાય છે. ચિત્તની શક્તિનો હ્રાસ પણ પરિણમે છે."*

મૃત્યુનાં અહર્નિશ ભયથી આરોગ્ય અત્યંત લથડી જાય છે અને પરિણામે મૃત્યુ પણ નીપજે છે. આ કંઇ આશ્ચર્યકારી ઘટના નથી. મી. જીન ફીનોટે મૃત્યુનાં કારણોનું પૃથક્કરણ કરતાં યથાયોગ્ય જણાવ્યું છે કેઃ—

" આપણે સો વર્ષ સુધી પણ જીવી શકતા નથી. આ અકાળ મૃત્યુનું કારણ શું હશે ? મૃત્યુનાં કારણો સંબંધી ઘણુંયે લખાયું છે, ઘણુંયે બોલાયું છે. મૃત્યુનાં કારણો અનેક રીતે વિવાદગ્રસ્ત પણ બન્યાં છે. આમ છતાં

* The Expression of Emotions in Man and Animals, Pp. 306 to 309.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુનાં કારણોના સંબંધમાં યથાર્થ સમાધાન કોઇથી નથી થઈ શક્યું એ શોકાસ્પદ ગણી શકાય. મૃત્યુનાં કારણોની પુનરાવૃત્તિ કર્યા કરવી એ સાવ નિરર્થક છે. મૃત્યુનાં કારણોના સંબંધમાં થોકબંધ પુસ્તકો લખાયાં છે, પણ તેથી શું? વિચારકો અને લેખકોએ મૃત્યુનાં હજારો કારણો આપ્યાં છે. એ કારણોમાં કેટલાંક મહત્વનાં પણ છે; પરંતુ એ સર્વ કારણો કરતાં ભય જે મૃત્યુનું મહાન્ કારણ છે તે ચઢી જાય છે એમાં કંઇ શંકા નથી. મનુષ્યને મૃત્યુનો ભય રહ્યા જ કરે છે. મૃત્યુનો ભય એ સ્થૂળ આહારની જેમ એક પ્રકારનો માનસિક આહાર થઇ પડે છે. મૃત્યુનું આવાહન થયા કરતું હોય એમ તેને લાગ્યા કરે છે. મૃત્યુના ભયથી અનેક પ્રકારની આશંકાઓ અને નિર્માલ્ય વૃત્તિનો પ્રાદુર્ભાવ થાય છે. મૃત્યુ પછી પોતાની શી સ્થિતિ થશે એ વિચારથી પણ ભયમાં વધારો થાય છે. જીવન-શક્તિ ઘટતી જાય છે. શરીરનું કૌવત ક્ષીણ થવા માંડે છે. શોક અને અનુતાપથી શરીરના મર્મ ભાગોમાં પણ ક્ષયનો સંચાર થાય છે."*

ભયનાં અનેક દુષ્પરિણામોનો અનુભવ મનુષ્યને નિરંતર અનેક રીતે થયા કરે છે. આથી ભયનાં સર્વ અનિષ્ટ પરિણામોનાં સંબંધમાં વિવેચન કરવાની કશીયે જરૂર રહેતી નથી. ભયથી શરીરની સ્થિતિ અત્યંત દયાપાત્ર બને છે, ઇચ્છા-શક્તિનો લગભગ નાશ થાય છે અને મૃત્યુ સમીપ આવે છે-એ ભયનાં છેવટનાં દુષ્પરિણામો છે. —ચાલુ

* The Philosophy of Long Life (દીર્ઘ જીવનનું તત્ત્વજ્ઞાન) Pp. 106-107.

નબળા બળદને તેનો હાંકેડુ ગમે તેટલો મારી-ઝુડીને હાંકે, પણ તે ઊલટો ગળીયો બનતો જાય છે, અને છેવટે ભાર ખેંચવાને બદલે થાકીને બેસી જાય છે. તેવી સ્થિતિ વિષયરસ ચાખેલા માણસની છે, પરંતુ તે વિષયો તો આજે કે કાલે છોડીને ચાલ્યા જવાના છે એમ વિચારી કામી પુરુષે પ્રાપ્ત થયેલા કે કોઇ કારણથી પ્રાપ્ત ન થયેલા કામોની વાસના છોડી દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મકલ્પદ્રુમ: સમશ્લોકી અનુવાદ.

## ૧. સમતાધિકાર.

[ ગતાંક પૃષ્ઠ ૬૭ થી શરૂ ]

### ઇષ્ટાનિષ્ટવિષયે સમભાવ.

સ્વાગતા—

સૌ સચેતન અચેતન અર્થે,
સ્પર્શ ગંધ રૂપ ને રસ શબ્દે;
જો ધરે સમપણું મન હારું,
હાથ મોક્ષસુખ તો તુજ ધારું. ૧૭

### આત્મનિરીક્ષણ, તું નચિંત કેમ બેઠો ?

તાહરા ગુણ શું ? કે સ્તુતિ ચાહે,
કીધું અદ્‌ભુત શું ? કે મદ ધારે;
નર્કભીતિ ગઇ કયા સુકૃતેથી ?
† શું જીત્યો યમ ? અચિંત તું જેથી. ૧૮

### જ્ઞાની કોણ ?

ઉપજાતિ—

બીજા* ગુણીના ગુણના સ્તવોથી,
સ્વના ય આક્રોશન નિંદનોથી;
જે મોદ પામે, સમ ચિત્ત રાખે,
તે જ્ઞાની વિરુદ્ધથી ખેદ દાખે. ૧૯

---

† શું તેં યમરાજને જીત્યો છે ? કે નચિંત બેઠો છે. શ્રી. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કેઃ-

"जसत्थि मच्चुणा सख्खं, जस्स वत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥"

"જેને મૃત્યુની સાથે મૈત્રી હોય, અથવા એથી જે ભાગી-છૂટી શકે એમ હોય, અને હું નહિં મરું એમ જે જાણતો હોય, તે ભલે સુખે સુએ !"

* બીજા ગુણવંતના ગુણની સ્તુતિથી, અને પોતાના પર થતા આક્રોશથી તેમજ પોતાની નિંદાથી જે આનંદ પામે છે અથવા ચિત્તની સમતુલા ( Eqilibrium, Equanimity ) રાખે છે; અને તેથી વિપરીતથી એટલે કે પરનિંદાથી અને આત્મપ્રશંસાથી જે ખેદ પામે છે, તે જ્ઞાની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્હારામાં વિવેક ક્યાં છે?

ઉપેંદ્રવજ્રા—

ન શત્રુ જાણે, ન તું મિત્ર જાણે,
હિતાહિતોના, ન પર સ્વ જાણે;
તું દુઃખદ્વેષી સુખને ચહે તું,
અભીષ્ટ ત્હારું કેમ રે! લહે તું? ૨૦

## વિચારવંતનું આચરણ.

[1]ચરસ્થિતિ સૌ પરિણામરમ્ય,
ગ્રહે વિચારી જન પુણ્ય ધન્ય;
ભવાન્તરે સૌખ્ય અનંત લેવા,
ત્યજે સદાચાર તું કેમ એવા? ૨૧

## તું રાગાદિ શત્રુનું કર્યું કબૂલે છે?!

ઉપજાતિ—

પોતાનું ને પારકું એ વિભાગ,
રાગાદિ કીધો, રિપુ તે સુભાગ!
તે સંસૃતિ દુઃખદ શત્રુસ્થાને,
[2]વિભાગ શત્રુકૃત કાં પ્રમાણે? ૨૨

## આત્માને અન્ય સાથે શું લેવાદેવા?

અનાદિ આત્મા, ન પર સ્વ કોય,
ન કોઇનો કો રિપુ મિત્ર હોય;
દેહાકૃતિ ને અણુ સ્થિર નો'ય,
એમાં ધરે કાં સમતા ન તોય? ૨૩
ચિત્રસ્થ માતાદિ ન સૌખ્યદાતા,
તે તેમ સાક્ષાત્ પણ ના જણાતા;
આકાર તે તે પણ નષ્ટ થાતાં,
પરોક્ષ સાક્ષાત્ સરખા ગણાતા. ૨૪

---

૧. આ લોકવ્યવહારમાં પણ વિચારવંત મનુષ્ય ટકાઉ અને પરિણામે સુંદર વસ્તુ ગ્રહણ કરે છે; તેમ તું પણ પરમાર્થમાં એવો સદાચાર શાને આચરતો નથી?

૨. આ પોતાનું અને આ પારકું એવો વિભાગ (વ્હેંચણી) તો રાગાદિએ કર્યો છે, અને એ રાગાદિ તો ત્હારા શત્રુ છે; કારણ કે ચતુર્ગતિના દુઃખના કારણભૂત તે છે. આવા શત્રુએ કરેલો વિભાગ તું પ્રમાણ ગણે છે? શત્રુનું કર્યું કબૂલે છે? શત્રુકૃત વિભાગ તો મૂર્ખશેખર જ માન્ય રાખે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમતા જાણનારા અતિ વિરલ.

ઇંદ્રવજ્રા—

સર્વે ય સંજ્ઞી જીંવ કામ જાણે,
કો અર્થ ને કો પણ ધર્મ જાણે;
દેવાદિથી કો જિન શુદ્ધ ધર્મ,
કો મોક્ષ ને કોઈક સામ્યશર્મ. ૨૫

## સ્વાર્થી સ્વજનો.

ઉપજાતિ—

સગા સગામાં અહિં સ્નેહ દાખે,
એના થકી જ્યાં લગી સ્વાર્થ દેખે;
આ જોઈ આ લોકમહીંય રીતિ,
કોને ન જન્માન્તર સ્વાર્થપ્રીતિ ? ૨૬

સ્વપ્નેંદ્રજાલે મળતાં પદાર્થે,
વૃથા યથા રોષ જ તોષ સાથ;
તથા ભવે 'હ્યાં વિષયે તમામ,
થા આત્મામાં લીન વિભાવી આમ ! ૨૭

## 'મે મે' કરંતો યમને ન દેખે.

સ્વાગતા—

એહ માત મુજ એહ પિતા છે,
બંધુ એહ સ્વજનો મુજ આ છે;
દ્રવ્ય આ-ઘર તું એમ મમત્વ,
દેખતો ન યમરાજ વશત્વ !!! ૨૮

ના ધનો પરિજનો[1] સ્વજનોથી,
ના સુરોથી ન જ મંત્રગણોથી;
કોઇ કાળથકી રક્ષિત થાવે,
એમ કેમ ન તું મૂઢ ! વિભાવે ? ૨૯

સૌખ્ય સાધનસ્વરૂપ જણાતા,
તે વડે સુખ ચહંત તું ભ્રાતા !
મોહ તું પ્રતિપળે વિષયોમાં,
પ્રીતિ પામ નહિં સામ્ય સુધામાં !! ૩૦ (યુગ્મ)

૧. પરિવાર લોક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મિત્ર તે શત્રુ–શત્રુ તે મિત્ર.

શત્રુબુદ્ધિ ધરી કો જન માંયે,
કાં કરે કલુષ[૧] ચિત્ત કષાયે?
તે હતા તુજ પિતાદિ સ્વરૂપે,
રે! અનંત ભવમાં પ્રિય રૂપે.* ૩૧

'ક્યાં ગયા જ મુજ આ પ્રિયપાત્ર?'
એમ શોચ તું દુઃખી થઇ માત્ર;
તેથી તું હત અનંત ભવોમાં,
તે ય તેં પણ હણ્યા જ ભવોમાં. ૩૨

## શાને ધરે શોચ તું?

ઉપજાતિ—

ત્હારાથકી જે ભવના દુઃખેથી,
ના રક્ષવા શક્ય, ન તું ય જેથી;
મમત્વ એમાંહિ વૃથા ધરંતો,
પદે પદે શોચ તું કાં વહંતો? ૩૩

## ત્યાં રાગ શો? ત્યાં દ્વેષ શો?

સપુદ્ગલા જીવ સચેતનાય,
અચેત અર્થો અણુરૂપ બેય;
ધરે અનંતા પરિણામભાવ,–
ત્યાં કયો ધરે રાગ વિદ્વેષભાવ? ૩૪

॥ इति समताधिकारः ॥ १ ॥

ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા
એમ. બી. બી. એસ.

૧. મલિન. * આવો જ ભાવ શ્રી જ્ઞાનાર્ણવમાં દર્શાવાયો છેઃ—

"रिपुत्वेन समापन्नाः प्राक्तनास्तेऽत्र जन्मनि ।
बान्धवाः क्रोधरुद्धाक्षा दृश्यन्ते हन्तुमुद्यताः ॥
ये जाता रिपवः पूर्वं जन्मन्यस्मिन्विधेर्वशात् ।
त एव ते वर्त्तन्ते बान्धवा बद्धसौहृदः ॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રો ધ-ક ષા ય.

**ચા**ર પ્રકારના કષાયમાં મુખ્ય **ક્રોધ** છે, બીજું **માન**, ત્રીજું **માયા** અને ચોથું **લોભ** છે. અધ્યવસાય-પરિણામની તરતમતાએ અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ચાર પ્રકારો પણ દરેક કષાયના છે. આવેશ કે ઉશ્કેરાટભરી સ્થિતિમાં ક્રોધી મનુષ્યને ગાંડપણ આવી જાય છે, તે વખતે કાર્ય અકાર્ય, કર્તવ્ય અકર્તવ્યનું ભાન રહેતું નથી. પોતાને પ્રતિકૂળ સ્થિતિ લાગતાં એટલે અમુક વસ્તુ, અમુક સ્થિતિ અથવા પોતાની પ્રિય વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન નાખનાર ઉપર મનુષ્યને રોષની લાગણી ઉદ્ભવતાં આત્માની ઉગ્રતા થાય છે તેને ક્રોધ કહેવામાં આવે છે. ક્રોધને શાસ્ત્રકારે અગ્નિની ઉપમા આપી છે, જે પ્રથમ પોતાને બાળે છે અને બીજા પાડોશીને પણ બાળે છે. ઉપદેશતરંગિણીના કર્તા **શ્રીરત્નમંદિરગણિ** મહારાજે કહ્યું છે કે-"શ્વેતાંબર કે દિગંબર, તત્ત્વવાદ કે તર્કવાદમાં કોઇનો આશ્રય લેવાથી મુક્તિ નથી પરંતુ કષાયમુક્ત થવું તેનું નામ જ મુક્તિ છે."

ક્રોધનું પરિબળ તો એટલું બધું કહ્યું છે કે "**ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફળ જાય રે**" એક ક્રોડ પૂર્વ વર્ષ સંજમ પાળ્યું હોય છતાં ક્રોધ કરતાં તેટલા વર્ષનું સંજમનું ફળ ચાલ્યું જાય છે, આટલું ક્રોધ કષાયનું જોર છે!

ક્રોધથી પ્રથમ વિવેકશક્તિ ચાલી જવાથી સંમોહ થાય છે, સંમોહથી સ્મરણશક્તિમાં ભ્રમ થાય છે, તેથી બુદ્ધિનો નાશ થાય છે અને છેવટે મનુષ્ય સર્વ પ્રકારે નાશ પામે છે. ક્રોધવશ થતાં યોગીઓ પણ નહિ કરવાના કામો કરી બેસે છે. નહિ બોલવાના વચનો મનુષ્યોથી બોલી જવાય છે.

ક્રોધ થતાં બોલાયેલા વચનો શસ્ત્રના ઘા કરતાં પણ વધારે તીવ્ર હોય છે. ક્રોધ થતાં પ્રથમ સંયમ ખોઇ બેસે છે, પછી શાંતિનો નાશ થાય છે, પછી શરીર પર તેની અસર થતાં આંખો લાલ થાય છે, મુખ ઉગ્ર બને છે, શરીર તપી જાય છે, લોહી ઉકળી જાય છે અને પછી વાણી કે કાર્યોથી વેર-ઝેર બંધાય છે; તેના ફળો આ ભવમાં ભોગવવા પડે છે તેટલું જ નહિ પણ પરભવમાં અને અનેક ભવોમાં પણ ભોગવવા પડે છે. "સમરાદિત્ય ચરિત્ર" તે માટે વાંચવાની જરૂર છે.

આવા ઉગ્ર કષાયનો જય કરવા શાસ્ત્રકારે **ક્ષમારૂપી** ઉત્તમ સાધન બતાવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ? ।
अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥

"જેના હાથમાં ક્ષમારૂપી ખડ્ગ છે તેને દુર્જન કંઇ કરી શકતો નથી. ઘાસ વગરની જમીન ઉપર પડેલો અગ્નિ પોતાની મેળે જ શાંત થઇ જાય છે."

વાણીમાં મીઠાશ અને કડવાશ બંને છે, પરંતુ કંઈ પણ બોલતાં પહેલાં વિચાર કરવાની ટેવ પડી હશે તો જુસ્સો આવશે નહિં અને ક્રોધ ઉત્પન્ન થશે નહિ.

કોઇ પણ મનુષ્ય બીજાએ કરેલા નુકસાનનો જ માત્ર વિચાર કરે ત્યાંસુધી ક્રોધ શમે નહિ, પરંતુ કર્મના સ્વરૂપને વિચારી, પોતાને થયેલા દુઃખ નુકસાન માટે બીજાઓ તો માત્ર નિમિત્ત કારણરૂપ છે અને ખરી રીતે મને અશુભ કર્મનો ઉદય થયો છે અને પૂર્વભવે કરેલ કર્મોના ફળ ભોગવું છું, તો શામાટે અન્ય ઉપર ક્રોધ કરવો, આમ સમજે તો ક્રોધ અટકે છે. પ્રાણાંત કષ્ટ આપનારા મનુષ્યો ઉપર કર્મસ્થિતિનો વિચાર કરી ક્ષમા ધારણ કરનાર મહાત્માઓએ તે જ ભવમાં મોક્ષ મેળવેલ છે. ગજસુકુમાળ, મેતાર્ય મુનિ જેવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે.

જે મનુષ્ય બીજાનું ભલું કરે છે, એટલું જ નહિ પરંતુ અપકાર કરનાર ઉપર ક્રોધ નહિ કરતાં પણ ઉપકાર કરે છે તે પોતાના આત્માનું કલ્યાણ કરે છે અને તે ઉત્તમ કોટીના મનુષ્યો છે, પરંતુ ભૂતકાળ કે વર્તમાન કાળમાં ઉપકાર કરનાર ઉપર જે અપકાર કરે છે તેને અધમ કોટીના મનુષ્યો કહેલાં છે; કારણ કે અપકાર કરવામાં ક્ષમાનો અંશ ન રહેતાં ધમધમાટ-ક્રોધ ગુપ્તપણે રહેલો હોય છે. જેમ પૌદ્ગલિક સુખ ક્ષણિક છે, અનિત્ય છે તેને માટે અન્ય પ્રત્યે ક્રોધ કરી આત્માના નિત્ય ગુણ શાંતિનો શામાટે ભંગ કરવો ? જે જે મહાપુરુષોએ અપૂર્વતા પ્રાપ્ત કરી છે તે મહાનુભાવોએ ક્રોધનો બદલો પ્રેમમાં આપ્યો છે. ભગવાન મહાવીર પ્રભુને અનેક ઉપસર્ગો તે જ ભવમાં થયાં છતાં ઉપસર્ગ કરનાર ઉપર ક્ષમા દાખવી કલ્યાણ ઇચ્છયું, અનુકંપા દર્શાવી તેથી જ પરમાત્મા કહેવાયા. ક્રોધરૂપી અગ્નિ શમાવવા-શાંત કરવાને ક્ષમારૂપી જળ જ ઉચિત છે; તેથી ક્ષમારૂપી જળવડે ક્રોધરૂપી અગ્નિ શાંત કરવો અને આત્માની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરવા-મોક્ષ પામવા કષાયો કે જે સંસારની વૃદ્ધિ કરનારા છે તેને ક્ષમા, મૃદુતા, સરળતા અને સંતોષવડે દૂર કરવા. **—આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "શ્રી નવપદ ગુણગર્ભિત સિદ્ધચક્ર મહિમા."

૧–શ્રી અરિહંતાદિક નવપદને હૃદય–કમળમાં ધ્યાયી શ્રી સિદ્ધચક્રનું ઉત્તમ માહાત્મ્ય હું સંક્ષેપથી કહું છું. (સહુ સજ્જનો તેને હૃદયમાં અવધારો!)

૨–૩–ભો! ભો મહાનુભાવો! આ દુર્લભ મનુષ્ય જન્મ, ઉત્તમ આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુલાદિક તથા સદ્ગુરુની સામગ્રી પુન્યયોગે પામી, મહા હાનિ કારક પંચવિધ પ્રમાદને શીઘ્ર તજી સદ્ધર્મ–કર્મને વિષે તમારે સારી રીતે ઉદ્યમ કરવો.

૪–તે ધર્મ સર્વ જિનેશ્વરોએ **દાન–શીલ–તપ** અને **ભાવ** એ ચાર ભેદે કરી ચાર પ્રકારનો ઉપદેશેલો છે.

૫–તેમાં પણ ભાવ વિના દાન સિદ્ધિદાયક થતું જ નથી; તેમજ ભાવ વિનાનું શીલ પણ જગમાં જરૂર નિષ્ફળ થાય છે.

૬–ભાવ વિના તપ પણ સંસારની વૃદ્ધિ જ કરે છે. **તે માટે પોતાનો ભાવ જ સુવિશુદ્ધ કરવો જરૂરનો છે.**

૭–ભાવ પણ મનસંબંધ છે, અને આ આલંબન વગર મન અતિ દુર્જય છે, તેથી તેને નિયમમાં રાખવા માટે સાલંબન (આલંબનવાળું) ધ્યાન કહેલું છે.

૮–જો કે અનેક પ્રકારનાં આલંબન શાસ્ત્રમાં વખાણ્યાં છે, તથાપિ **નવપદ ધ્યાન જ મુખ્ય છે,** એમ શ્રી જિનેશ્વરો વદે છે.

૯–**અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર** અને **તપ** એ **નવપદ** જાણવાં.

## "નવપદ સંક્ષિપ્ત સ્વરૂપગર્ભિત ધ્યાનોપદેશ."

૧૦–એ નવપદમાં પ્રથમ પદે અષ્ટાદશ દોષ વિમુક્ત, વિશુદ્ધ જ્ઞાનથી ભરેલા, તત્ત્વપ્રકાશક અને દેવેંદ્રવંદિત એવા શ્રી **અરિહંત** ભગવાનનું તમે નિરંતર ધ્યાન કરો.

૧૧–બીજે પદે સકળ કર્મ–બંધનથી વિમુક્ત, અને અનંત જ્ઞાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન, ચારિત્ર તથા વીર્યરૂપ અનંત ચતુષ્ટય સંપ્રાપ્ત થયેલા એવા પંદર ભેદે પ્રસિદ્ધ **શ્રી સિદ્ધ ભગવાનનું** સદા તન્મયપણે ધ્યાન કરો.

૧૨–ત્રીજે પદે પંચાચારવડે પવિત્ર, સર્વજ્ઞદેશિત વિશુદ્ધ સિદ્ધાન્ત સંબંધી દેશના દેવામાં ઉજમાળ અને પરોપકાર કરવામાં સદાય તત્પર એવા **સૂરિવરનું** નિરંતર ધ્યાન કરો.

૧૩–ચતુર્થ પદે ગચ્છની સંભાળ રાખવામાં સદા સાવધાન, સૂત્રાર્થનું અધ્યાપન કરવામાં ઉજમાળ, અને સ્વાધ્યાય ધ્યાનમાં લીન મનવાળા શ્રી **ઉપાધ્યાય મહારાજનું** સારી રીતે ધ્યાન કરો.

૧૪–સર્વ કર્મભૂમિયોમાં વિચરતાં અનેક ગુણ–સમૂહે કરી સંયુક્ત, ત્રણ ગુપ્તિવડે ગુપ્ત અને નિષ્પરિગ્રહી એવા **નિષ્કષાયી મુનિરાજોનું** પંચમ પદે ધ્યાન કરો.

૧૫–છઠે પદે સર્વજ્ઞદેશિત આગમમાં કહેલા જીવાદિક પદાર્થને વિષે શ્રદ્ધાન–લક્ષણ **સમકિતરૂપ** રત્ન-દીપકને નિત્ય મન–મંદિરમાં સ્થાપો.

૧૬–સાતમે પદે જીવાજીવાદિક પદાર્થ સમૂહના યથાર્થ અવબોધ-રૂપ **જ્ઞાનને** સર્વ ગુણોના મૂળ કારણરૂપ જાણીને વિનય–બહુમાનવડે શીખો.

૧૭–આઠમે પદે અશુભ ક્રિયાઓના ત્યાગરૂપ અને શુભ ક્રિયાઓમાં આદરરૂપ ઉત્તમ ગુણ યુક્ત **ચારિત્રને** યથાર્થ પાળો–આદરો.

૧૮–નવમે પદે આકરાં કર્મરૂપી અંધકારને હરી લેવા સૂર્ય સમાન બાર પ્રકારનાં **તપને** કષાય–તાપ રહિતપણે રૂડી રીતે સેવો.

૧૯–એ પ્રમાણે ઉપર બતાવેલા–વર્ણવેલા નવે પદો જિનેશ્વર પ્રભુએ ઉપદેશેલા ધર્મમાં સારભૂત છે, અને આરાધન કરનારા ભવ્ય જનોને કલ્યાણકારી છે; તેથી તે યથાવિધ આરાધવા યોગ્ય છે.

૨૦–ઉક્ત નવપદોવડે સિદ્ધ (નિષ્પન્ન) એવા શ્રી **સિદ્ધચક્રને ઉપયોગયુક્ત આરાધનાર પ્રાણી શ્રી શ્રીપાળકુમારની પેરે સુખ શાન્તિ પામે છે.**

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "બ્રહ્મચર્ય–આશ્રમનો પ્રભાવ."

૧–લોકના લાભ માટે ચાર આશ્રમોની પદ્ધતિ બનાવવામાં આવી છે તેમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ છે, જે જીવનનો આધાર–પાયો છે.

૨–જીવનને ઉચ્ચ બનાવવા માટે પહેલી ઉમ્મરને સુસંસ્કારિત બનાવવાની જરૂર છે; કેમકે તે વયનાં સ્થપાયેલા સંસ્કારો પાકા (દ્રઢમૂળ) થાય છે.

૩–પ્રથમ આશ્રમમાં સત્સંગના આશ્રય નીચે સદાચરણ યુકત વિમળ બ્રહ્મચર્યની ચર્યા સાથે વિદ્યાધ્યયન કરવામાં આવે છે.

૪–બ્રહ્મચર્ય–આશ્રમના ઉચ્ચ બળશાળી વાતાવરણમાં મનુષ્યે પોતાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિને ખીલવવી જોઇએ.

૫–આ આશ્રમમાંથી બલવંત દેહસંપન્ન, દૃઢ–નિર્ભય મનોધારક, તેજસ્વી અને પ્રજ્ઞાશાળી વ્યક્તિઓ તૈયાર થાય છે.

૬–વિશેષજ્ઞો આ આશ્રમને સર્વમંગળસંપન્ન, સર્વકલ્યાણકારણ અને સર્વ ઉન્નતિનો આધાર જણાવે છે.

૭–આ મહાન્ આશ્રમનું જેણે બરાબર પાલન કર્યું છે તે ખરેખર એક મહાન્ દુર્ગના વિજેતાથી પણ ભારે ચાઢયાતો વિજેતા છે.

૮–જ્ઞાન, શિક્ષણ અને શક્તિ જેમ પુરુષોમાં તેમજ કન્યાઓમાં પણ વિકસાવવાની જરૂર છે; કેમકે તેઓ ભવિષ્યની માતા છે.

૯–જ્ઞાન–શિક્ષણસંપન્ન અને શીલ–સૌંદર્યશાલિની એવી એ મહાશયાઓ જ્યારે ગૃહિણી પદ પર આરૂઢ થાય છે ત્યારે ખરેખર તે પોતાના ગૃહાંગણને દીપાવે છે.

૧૦–આવી માતાઓ પોતાની સંતતિને શિક્ષણ આપવામાં સો શિક્ષકો કરતાં પણ વધુ સમર્થ થાય છે.

૧૧–આવા યુવક અને આવી યુવતીઓના તેજથી જે સમાજ ઉજ્જવળ છે તેના અભ્યુદયનું શું કહેવું ?

૧૨–ઓ ધીરો! નિદ્રા પ્રમાદને ઉડાવો ! જલ્દી ઊઠો ! અને અધોગતિ તરફ ઘસડાતી જતી પ્રજાના ઉદ્ધાર માટે પ્રયત્ન સહ બહાર આવો.

૧૩–તને માનુષિક જીવન મળ્યું છે, તું પુરુષ છે, સુજ્ઞ મનુષ્ય છે. તારું કર્તવ્ય સમજ. ભોગ તો પશુઓ પણ ભોગવે છે. સમાજ ધર્મનું મંદિર છે. એની ક્ષીયમાણ દશા તરફ નજર કર ! અને તેના સંબંધમાં તારી ફરજ શું છે ? તારું કર્તવ્ય શું છે ? તેનો વિચાર કર. **સ. ક. વિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીતરાગસ્તોત્ર અંતર્ગત

# પ્રકાશાનુવાદ:

## ચાર ઘાતિ કર્મક્ષયજનિત તીર્થંકરદેવના ૧૧ અતિશય સંબંધી વર્ણનગર્ભિત સ્તુતિ.

૧ શ્રી તીર્થંકર નામકર્મજનિત **સર્વાભિમુખ્ય** નામના અતિશયથી હે નાથ ! આપ કેવળજ્ઞાનના પ્રકાશવડે સર્વથા સર્વ દિશાએ સન્મુખ સતા દેવ મનુષ્યાદિક પ્રજાને પ્રતિક્ષણ પરમ આનંદ રસ પમાડતા રહો છો.

૨ એક યોજન પ્રમાણ ધર્મદેશનાના સ્થળરૂપ સમવસરણમાં પરિવાર સહિત ક્રોડો ગમે દેવ, મનુષ્ય અને તિર્યંચો એક બીજાને લગારે અબાધા વગર સમાઈ શકે છે.

૩ આપનું એક પણ વચન, તે દેવ, મનુષ્ય અને તિર્યંચોને પોતપોતાની ભાષામાં સુખે સમજી શકાય એવું અને ધર્મ સંબંધી બોધને કરવાવાળું થવા પામે છે.

૪ આપના વિહારજનિત પવનની લહેરીઓથી સવાસો ( ૧૨૫ ) જોજનમાં પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો જોતજોતામાં અદૃશ્ય થઈ જાય છે.

૫ રાજાએ દૂર કરી દીધેલી અનીતિની પેરે ભૂમિ ઉપર મૂષક (ઉંદર), શલભ ( તીડ ) અને શુક-પતંગ પ્રમુખ ધાન્યને હાનિ-નુકશાન કરનારા ઉપદ્રવો જ્યાં આપ વિચરો છો ત્યાં તત્કાળ દૂર થઇ જાય છે.

૬ આપની કૃપારૂપી પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી જ હોય તેમ જ્યાં આપ ચરણ-કમળ ધરો છો ત્યાં સ્ત્રી, ક્ષેત્ર અને નગરાદિકથી ઉત્પન્ન થયેલ વિરોધ-અગ્નિ અત્યંત શમી જાય છે.

૭ વિવિધ ઉપદ્રવોનો ઉચ્છેદ કરવા ડિંડિમનાદ જેવો આપનો પ્રભાવ ભૂમિ ઉપર પ્રસરતે સતે દુષ્ટ વ્યંતર-શાકિની પ્રમુખથી ઉત્પન્ન થતા મારી જેવા-જગતના કાળ જેવા રોગ પેદા થતા જ નથી.

૮ વિશ્વોપકારી એવા આપ લોકોના મનવાંછિતદાયક વિદ્યમાન સતે અતિવૃષ્ટિ ( બેહદ-બેસુમાર જળવૃષ્ટિ ) કે અનાવૃષ્ટિ લોકોને સંતાપતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ સ્વરાજ્ય અને પરરાજ્યથકી થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો, સિંહનાદથી જેમ હાથીઓ નાશી જાય છે તેમ આપના પ્રભાવથી તત્કાળ નષ્ટ થઇ જાય છે.

૧૦ અતિ અદ્ભુત પ્રભાવશાળી જંગમ કલ્પવૃક્ષ સમા આપ વિચરતે સતે દુષ્કાળ દૂર થઇ જાય છે.

૧૧ સૂર્યથી અધિક પ્રભાવાળું ભામંડળ પ્રભુનો દેદાર જોવામાં કોઇને અડચણ આવે નહીં એટલા જ માટે હોય તેમ આપના મસ્તકની પછવાડે દેવોએ સ્થાપેલું રહે છે.

૧૨ આ રત્નત્રયીરૂપ યોગ ઠકુરાઇનો લોકપ્રસિદ્ધ મહિમા જે ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો તે કોણ સચેતન પ્રાણીને આશ્ચર્ય પમાડતો નથી ? અપિતુ આશ્ચર્ય પમાડે જ છે.

૧૩ અનંત કાળથી ઉપાર્જન કરેલ અંત વગરનું કર્મ-વન આપ સિવાય બીજો કોણ સર્વ પ્રકારે મૂળથી ઉચ્છેદી શકે ?

૧૪ હે પ્રભુ ! સત્ ચારિત્રરૂપ ઉપાયમાં પુનઃ પુનઃ અભ્યાસથી આપ એટલા બધા પ્રવૃત્ત થયા છો કે પરમ પદની શ્રેષ્ઠ સંપદારૂપ તીર્થંકર-પદવીને નહીં ઇચ્છતા છતાં આપ પ્રાપ્ત થયા છો. ઉક્ત મહાપદવી આપને સહેજે પ્રાપ્ત થઇ છે.

૧૫ મૈત્રી ભાવનાના પવિત્ર સ્થાનરૂપ, પુષ્ટ એવી પ્રમોદ ભાવનાથી ભરપૂર તેમજ કરુણા અને માધ્યસ્થ્ય ભાવના યોગે પૂજ્ય એવા યોગસ્વરૂપી આપને અમારો ( અહોનિશ ) નમસ્કાર હોજો.

### ઇતિ વીતરાગસ્તોત્રે તૃતીયપ્રકાશાનુવાદઃ

## દેવકૃત ૧૯ અતિશય પ્રગટનદ્વારા પ્રભુ-સ્તુતિ.

૧ મિથ્યાદૃષ્ટિને પ્રલય કાળના સૂર્યની પેરે સંતાપકારી અને સમ્યગ્-દૃષ્ટિને અમૃતના અંજનની પેરે શાંતિકારી એવું તીર્થંકર-લક્ષ્મીના તીલક જેવું ધર્મચક્ર આપની પાસે આગળ દીપી રહ્યું છે.

૨ જગતમાં આ વીતરાગ જ એક સ્વામી છે એમ જણાવવા માટે ઇન્દ્રે ઊંચા ઇન્દ્રધ્વજના મિષથી પોતાની તર્જની આંગળી ઊંચી કરી છે એમ જણાય છે.

૩ જ્યાં આપના ચરણ પડે છે ત્યાં દેવ અને દાનવો નવાં સુવર્ણ-કમળના છળથી કમળમાં સ્થિતિ કરનારી લક્ષ્મીને વિસ્તારે છે.

૪ દાન, શીલ, તપ ને ભાવનારૂપ ચાર પ્રકારના ધર્મને એકી સાથે વર્ણવવાને આપ ચતુર્મુખપણે દેશના દ્યો છો એમ હું માનું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણ મહાદોષથી જગતને મુક્ત કરવાને આપ પ્રવૃત્ત થયે સતે ત્રણ પ્રકારના (વૈમાનિક, જ્યોતિષ્ક અને ભુવનપતિ) દેવોએ રત્ન, સુવર્ણ અને રૂપામય ત્રણ ગઢની રચના કરી છે. (ગઢયોગે રક્ષા સુખે થઇ શકે છે ને!)

૬ પૃથ્વી ઉપર આપ વિચરતે સતે કાંટા પણ ઊંધા પડી જાય છે. સૂર્ય-ઉદય થયે સતે ઘુવડ અથવા અંધકારનો સમૂહ ટકી શકે શું?

૭ કેશ, રોમ, નખ અને દાઢી-મૂછ, દીક્ષા-સંગ્રહણ સમયે જેવાં સમારેલાં હોય તેવાં જ રહે-વધે નહીં, એવો આ બાહ્ય-પ્રગટ દેખાતો યોગમહિમા પણ અન્ય હરિહરાદિક દેવોએ પ્રાપ્ત કર્યો નથી. ત્યારે અંતરંગ (સર્વાભિમુખ્યતા ઇત્યાદિ) યોગની વાત તો દૂર જ રહી.

૮ હે વીતરાગ! બૌદ્ધ, નૈયાયિકાદિક તર્કવાદીઓની પેરે શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શરૂપ પાંચે વિષયો આપની અનુકૂળતાને ભજે છે-પ્રતિકૂળપણે વર્તતા નથી.

૯ અનાદિ કાળથી પ્રભુના પ્રતિપક્ષીરૂપ કામદેવને સહાયક થવાના ભયથી જ હોય તેમ સમકાળે સઘળી ઋતુઓ આવી આપના ચરણ-કમળને સેવે છે.

૧૦ જે ભૂમિને આપનો ચરણસ્પર્શ થવાનો છે તે ભૂમિને દેવતાઓ સુગંધી જળની વૃષ્ટિવડે અને દિવ્ય પંચવર્ણી પુષ્પોના પુંજવડે પૂજે છે. (ઢીંચણ પ્રમાણે દેવો દિવ્ય-સુગંધી પુષ્પોના ઢગ કરે છે.)

૧૧ હે ત્રૈલોક્ય પૂજ્ય! અજ્ઞાન પંખીઓ પણ આપને પ્રદક્ષિણા દે છે તો પછી આપના તરફ પ્રતિકૂળ વર્તનારા માનવીઓની શી ગતિ થશે?

૧૨ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યાદિકનું દુષ્ટપણું આપની પાસે ક્યાં ટકી રહે? કેમકે એકેન્દ્રિય એવો પવન પણ પ્રતિકૂળતાને તજી દે છે તો બીજાનું વળી કહેવું જ શું? મતલબ કે પવન પણ સુખાળવા જ વાય છે, મંદમંદ અને સુગંધી વાય છે, પ્રચંડ વાતા નથી.

૧૩ આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલા વૃક્ષો મસ્તકવડે આપને નમન કરે છે, જેથી તેમનું મસ્તક કૃતાર્થ-કૃતકૃત્ય છે, ત્યારે મિથ્યાદૃષ્ટિનું મસ્તક વ્યર્થ-નકામું છે.

૧૪ હે વીતરાગ! જઘન્યથી (ઓછામાં ઓછા) એક ક્રોડ દેવ-દાનવો આપની સેવામાં હાજર હોય છે; કેમકે મહાભાગ્યયોગે મળી શકે એવા સુકૃત્ય પદાર્થમાં મૂર્ખ પણ આળસ ન કરે.

**ઇતિ દેવકૃત અતિશય પ્રગટનરૂપ ચતુર્થપ્રકાશાનુવાદઃ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શેષ અતિશય–અષ્ટ પ્રાતિહાર્ય સંબંધી વર્ણન.

૧ આ **અશોક વૃક્ષ** ભમરાના ભાંકાર શબ્દથી ગાતો હોય અને હાલતાં પાંદડાવડે નાચતો હોય, તેમજ આપના ગુણરાગથી જાણે રાતો હોય તેમ આપના દેહમાનથી બારગણો ઊંચો સતો હરખે છે. અશોક વૃક્ષ પ્રભુના દેહથી બારગણો ઊંચો રહે છે.

૨ આપની દેશના–ભૂમિ મધ્યે દેવતાઓ એક જોજન સુધી જેનાં ડિંટડા નીચે રહે છે તેવાં **દિવ્ય પુષ્પો** ઢીંચણ પ્રમાણ પાથરે છે.

૩ વૈરાગ્યભર્યો અતિ સરસ માલવકેશિક પ્રમુખ રાગથી પવિત્ર વીણાદિકવડે દેવતાઓએ વિસ્તારેલો આપનો **દિવ્ય દેશના–ધ્વનિ** વિસ્મયવડે ઉન્મુખ થઇ રહેલાં મૃગલાં પણ સાંભળી રહે છે.

૪ ચંદ્રના કિરણસમા ઉજ્જવળ ચામરો આપના મુખ–કમળની સેવા કરવા હંસ પક્ષી હોય તેવાં શોભી રહ્યાં છે.

૫ **સિંહાસન** ઉપર આરૂઢ થઇને જ્યારે આપ દેશના આપો છો ત્યારે મૃગેન્દ્ર( સિંહ )ને સેવવા માટે જ હોય તેમ મૃગલાઓ સાંભળવા આવે છે.

૬ હે વીતરાગ ! જેમ ચંદ્ર પોતાની જ્યોત્સના( પ્રભા–કાન્તિ )વડે ચકોરોને અતિ આનંદ ઉપજાવે છે તેમ આપ **ભામંડલે** કરી ભવ્યજનોના નેત્રને પરમ આનંદ પમાડો છે.

૭ હે સર્વ જગનાયક ! આકાશમાં રહેલો દુન્દુભિ ( ભેરી–વાજિંત્ર વિશેષ ) આગળ પ્રતિધ્વનિ કરતો, જગતમાં સમસ્ત દેવો મધ્યે આપનું સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય જણાવે છે–આપનું દેવાધિદેવપણું જાહેર કરે છે.

૮ આપના મસ્તકે ઉપરાઉપર રહેલાં નિર્મળતાદિક ગુણથી સમકિત પ્રમુખ પવિત્ર ગુણના ક્રમ સમાં **ત્રણ છત્રો**, ત્રણ ભુવનના પ્રભુત્વ સંબંધી પ્રકર્ષને જણાવે છે.

૯ હે નાથ ! ચમત્કાર ઉપજાવનારી આ આપની પ્રતિહાર્ય શોભાને દેખી કોણ કોણ મિથ્યાદૃષ્ટિ જનો પણ આશ્ચર્ય ન પામે ? અપિતુ સર્વ કોઇ આશ્ચર્ય પામે જ. એમ પ્રથમ નિરૂપિત મૂળ ચાર અતિશય સાથે સર્વ મળી ૩૪ અતિશયો+ કહ્યા. જો કે પ્રભુ તો અનંત અતિશયધારી છે તો પણ સ્થૂળ બુદ્ધિ માટે આ સંખ્યા ઉપયોગી છે. **ઇતિ પંચમપ્રકાશાનુવાદઃ** **સ. ક. વિ.**

+ પ્રથમના ચાર અતિશયોનું વર્ણન બીજા પ્રકાશમાં શાસ્ત્રકારે આપેલું છે. આ સર્વે અતિશયો ઉપરાંત પ્રભુની ૩૫ ગુણયુક્ત વાણીનું શ્રવણ–મનન કરી કઇક દેવો, માનવો અને તિર્યંચો સુદ્ધાં ઉત્તમ બોધ ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજવંશનો રક્ષણહાર

ને

# દેશનો શણગારણહાર*

**શ્રી. ન્હાનાલાલ દલપતરામ કવિ**

કે આભમાં તોરણ બન્ધાણાં ત્રિલોકનાં રે;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે;
કે તારલીઓ ટોળે મળી નભચોક;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે.

કે ચંદનીએ વેરેલ તેજનાં ફૂલડાં રે;
કે ફૂલડાંની ફોરમ ઝીલે નરલોક;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે.

કે છેલડ છૂટાં મહેલે છોગલાં રે;
કે સુંદરી છૂટી મહેલે વેણ;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે.

કે વ્હાલમની વિલસે વ્હાલપની આંખડી રે;
કે એહવું વિલસે ચંદ્રકેરું નેણ;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે;

કે ચંદ્રમાએ બાંધ્યા દિશાઓના ટોડલા રે;
કે ટોડલે ટોડલે તેજની વેલ;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે.

કે કિરણે કિરણે અમૃત દેવનાં રે;
કે એહ જલે હું ય ભરું હૈયાહેલ;
કે આભમાં તોરણ બંધાણાં ત્રિલોકનાં રે.

**વીર**નાં સંતાનો !

આપની એક આત્મમૂલી સજ્ઝાય છે;
દેવરિયા મુનિવર ! ધ્યાનમાં રહેજો

રહેનેમીજીએ સંસાર ત્યાગ્યો. ભેખ અંગિકાર્યો, મહેલ છોડી વન વસાવ્યું. પછી એકદા પર્વતોમાં વર્ષાધારાઓ વરસી, અને સાધ્વી રાજેમતી અને વનવાસી

---

* મહાકવિનો મહોત્સવ શ્રી જૈન મંડળોનો સમારંભ, મુંબઇ, આસો સુદ ૨. સં. ૧૯૯૩; બુધવાર; ૬ ઠ્ઠી ઓકટોબર ૧૯૩૭ ના રોજ કવીશ્વર ન્હાનાલાલભાઇએ આપેલ ભાષણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેનેમીજી ગુફામાં ભીને વસ્ત્રે છત્ર શોધતાં ગયાં. સૂરજનાં સોનાં ચોમેર ઢોળાતાં હતાં. રાજેમતીજી ગુફા વચ્ચે ઊભાં હતાં. આછી આછેરી જાદરઝીણું વાદળી સમાં જળભીનાં પરિધાનમાંથી ચંદ્રની કિરણજ્યોતો રાજુલનાં રૂપરંગો ઉછાળતાં હતાં. ક્ષણેક--અધક્ષણેક સંસાર સોહાગિયો એ નવજોગી સાધ્વીજીની સૌંદર્યલહરીઓમાં રમતી અંગલીલાને નિરખી રહ્યો. રાજુલે જોયું ને જાણ્યું કે ગજબ થાય છે. સહસા કોયલ કહું કે વાંસળી બોલે કે આકાશવાણી થાય એમ રાજુલ–સતી રાજેમતીજી પોકારી ઉઠયાં કે:

દેવરિયા મુનિવર ! ધ્યાનમાં રહેજો.

રાજેમતીનો એ ટહુકાર તે જૈન ધર્મનો ત્રિકાળનો ટહુકાર. જૈન ધર્મ એટલે ધ્યાન ધર્મ–સંયમ ધર્મ. જૈન એટલે વિજેતા. કોનો વિજેતા ? ઇંદ્રિયગ્રામના મહાવેગોનો વિજેતા. એકાદશે ઇંદ્રિયોના ઝંઝાવાતો અને ગુરુત્વાકર્ષણોને જીતે, નિજને સંયમની લગામ ચડાવે તે જૈન. મહાવીરસ્વામી કહે છે કે જૈન એટલે જીતેંદ્રિય. કાળની ગુફામાંથી આજે યે રાજેમતી ટહુકે છે કે

દેવરિયા મુનિવર ! ધ્યાનમાં રહેજો.

રાજુલ કુમારીનો એ બોલ છે જૈન ધર્મનો સનાતન બોલ. એક શબ્દમાં જૈન ધર્મને સારવવો હોય તો એ મહાશબ્દ છે સંજમ, જૈન ધર્મ એટલે સંજમ ધર્મ.

જૈનના આચારમાં, વિચારમાં, કલામાં, કવિતામાં, સાહિત્યમાં, ધર્મમાં, સંસ્કૃતિમાં, સંસ્કારમાં ચક્રવર્તીનો રાજધ્વજ ફરકાવે છે સંજમભાવના.

જૈન સંઘ ! આવો. તહમને તહમારી સંસ્કૃતિના રેખાચિત્રનું આછું પાતળું દર્શન કરાવું. મારે તો પચ્ચાસ મિનિટમાં આજ પચ્ચાસ સદીઓની સંસ્કાર–કથા સંભારવાની છે.

આંબાની સહુ ડાળો સરખી કે સરખી મ્હોરેલી કોણે દીઠી છે ? કિયા દેશની સહુ નદીઓ કે નગરીઓ સરખી છે ? કિયા કુટુંબમાંડવડે સન્તાનોને સમાન વયનાં દીઠાં ? ગૂર્જર મહાપ્રજાનાં આંબાની યે શાખાપ્રશાખાઓ છે. અને સહુ એકસરખી મોરેલી–પ્રફુલ્લેલી–ફળેલી નથી. સૂર્ય ને ચંદ્રની પેઠે સહુ સહુની વિશેષતાઓ છે. બ્રાહ્મણ સંસ્કૃતિ, બૌદ્ધ સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ, વૈષ્ણવ સંસ્કૃતિઓનાં થર ગૂંથાઇને ગુજરાતની મહાસંસ્કૃતિ ઘડાઇ છે. પાછળથી મંહી પારસી, ઇસ્લામી, ખ્રિસ્તી સંસ્કૃતિઓના યે પરદેશી રંગોળી રંગો પૂરાયા. સૂર્યનું કિરણ સપ્તરંગીલું છે તેમ ગુજરાતની મહાસંસ્કૃતિના તેજકિરણ પણ સપ્તરંગીલા છે. આજના આપણા જૈન સમારંભમાં ગૂર્જર સંસ્કૃતિમાંના જૈન રંગોના રેખાદર્શન પૂરતી વિચારણા સ્થાને જ ગણાશે. લક્ષ્મીના, ઉદારતાના, સાહિત્યના, ઇતિહાસના, કલાના, ધર્મના જૈન રંગોની રંગોળી ગૂર્જર દેશે મહાનુભાવિતાના તેજે તેજસ્વી છે. ચાલો; ઝીલાય તેટલાં એ તેજ ઝીલિયે.

ભારતના ૩૫ કરોડમાં ૧૫ લાખ જૈન જનતા; ગુજરાતના ૧૧ કરોડમાં પાંચેક લાખ મહાવીરનો સંઘસમુદાય. માંડ ચાર ટકા થયો. પણ સાળુને કોરપાલવ કેટકેટડા હોય છે ? અંગને આભૂષણો શણગારે છે એ અંગોને કેટકેટલાંક હાંકે છે ? સોહાગણના સૌભાગ્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચન્દનચૂડી કે કુંકુમચન્દ્રક સારી દેહવેલડને આચ્છાદતાં નથી. નાનો પણ રાઇનો દાણો; એવો નાનો પણ વીરનો બાળ ઇતિહાસની કાળકુંજોમાં રમે-ભમે છે.

આવો; એ જૈન ઇતિહાસની ગૂર્જર કુંજનિકુંજો આજ નિહાળિયે. કલામય છે, કવિતામય છે, તપશ્ચર્યામય છે. એ ઇતિહાસની કુંજોમાં સમર્થો વસતા.

જૈનોની પ્રથમ ઇતિહાસસેવા તે તો ગુજરાતના રાજવંશની સંરક્ષણા. કાળના કોપની કપરી વેળાઓએ, બે મહાઅવસરે એ જૈન સંઘે રાજવંશની અમરવેલને સંરક્ષી છે. પંચાસર પડ્યું, જયશિખરી રણમાં રોળાયો, ગુજરાતની રત્નગર્ભા મહારાણી વનવગડે રઝળતી થઇ, અરિદળના ધાડાં સીમ શોધતાં ઘૂમતાં હતાં, ત્યારે ચાવડા વંશની વંશવેલડ સજીવન કોણે રાખી હતી? એક જૈન મુનિ-સૂરિએ. ગુજરાતના રાજવંશના રક્ષણહારા હતા સાધુવર શીલગુણસૂરિ. શીલગુણસૂરિએ બાળવનરાજને નિજ ઉપાશ્રયમાં આશરો આપ્યો અને ઉછેર્યો; અણહિલ્લપુર પાટણની સ્થાપનાની મુહૂર્તઘડી જોઈ આપી, અને ગૂર્જર રાજવંશની ગૂર્જરરાજ સિંહાસને પુનઃ સ્થાપના કીધી. શીલગુણસૂરિ હોત નહિ, તો કદાચ વનરાજ હોત નહિ, પાટણ હોત નહિ, તો ઇતિહાસનાં વહેણ કઇ દિશામાં વહેતાં હોત? ઈ. સ. ૭૪૬ થી ૧૪૧૧--સાડા છસ્સો વર્ષથી અધિકાં શીલગુણ-સૂરિએ ઇતિહાસનાં વહેણ સરસ્વતીને આરે પાટણપુરમાંથી વહાવ્યાં.

ગુજરાતની ક્ષત્રિવટને શીલગુણસૂરિએ માત્ર સંરક્ષી નથી પણ પુનઃ સ્થાપી, પ્રોજ્જ્વળાવી, ઇસિહાસયશસ્વી કીધી. શીલગુણસૂરિએ કાળપ્રવાહને બદલ્યો.

અને બીજો એવો કાળનો કપરો અવસર આવ્યો હતો મહારાજ સિદ્ધરાજ જયસિંહના મહાકીર્તિવન્તા રાજયુગમાં. અણહિલ્લપુર પાટણની ઇતિહાસયશસ્વિતાનો તે સુવર્ણયુગ. પૂર્વે માળવા, પશ્ચિમે ગિરિનગર, ઉત્તરે ઝાલોર ને દક્ષિણે સૂર્પારક ને તેલંગાણા પર્યન્તનું ચારે દિશામંડળ જીતતો ગુજરાતનો જયધ્વજ ત્યારે ફરકતો હતો. ગૂર્જરોનાં જહાજો સાગર ખેડતાં હતાં. અણહિલ્લપુર પાટણ જયનાદે ગાજતું એથી અધિકું ત્યારે વિદ્યાનાદે ગાજતું. દ્વયાશ્રય મહાકાવ્યના ને પાણીની સમોવડ પ્રાકૃત અષ્ટાધ્યાયીના પ્રણેતા શ્રીહેમચં-દ્રાચાર્ય ત્યારે પાટણમાં વિરાજતા. ને કલિકાળસર્વજ્ઞના બિરદધારી હતા. મહાજયધ્વજી જૈનેતર સિદ્ધરાજ મહારાજ પણ હેમચન્દ્રાચાર્યને વન્દતા-પૂજતા. જયની, લક્ષ્મીની, વિદ્યાની, વીરત્વની, કવિતાની જાહોજલાલીની સાગરઊર્મિઓ ત્યારે પાટણમાં ઉછળતી. પણ પાટણના રાજપ્રાસાદે એક મહાઊણપ હતી કે રાજવંશને રાજયુવરાજ ન હતો; રાજમહેલ રાજબાળસૂનો હતો. સિદ્ધરાજ જયસિંહના જયવન્તા જીવનદેશમાં એ પરાજયનો પ્રારબ્ધ ખેલ હતો. પુત્ર નહિ તો ભત્રીજો એમ મહારાજની મહાનુભાવિતાએ મન નહોતું વાળ્યું; પણ ઉલટગંગાની પેઠે જયસિંહની બળબળતી હૈયાઝાળો કુમારપાળ ઉપર ઉતરી. સિદ્ધરાજના ક્રોધાગ્નિમાંથી જીવ ઉગારવાને કુમારપાળને ભાગવું પડતું, ભટકવું પડતું. રાજકોપને એ આકરે અવસરે પણ હેમચંદ્રસૂરિએ આગમ જોયાં કે આવતી કાલનો ગુર્જરેશ્વર મહારાજ કુમારપાળ છે, અને એ વગડાવાસી ગુર્જર યુવરાજની સેવા, સંરક્ષણા ને સહાયતા કીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલગુણસૂરિ અને હેમચન્દ્રસૂરિ ગુર્જર રાજવંશના આગમ વાંચતા, જતન કરતા ને રાજવંશની અમરવેલને સજીવન રાખતા.

ઇતિહાસ કહે છે કે જૈન સંઘ એટલે ગુર્જર રાજવંશનો રક્ષણહાર.

આપણી એક લોકોક્તિ છે કે ચૌટામાં કાં તો શાહ, કાં તો બાદશાહ એટલે કે બજારમાં એની આણ પ્રવર્તે, એક શાહની કે એક બાદશાહની. શાહ એટલે નગરશેઠ, નગરીના નગરશેઠ એટલે Lord Mayor, સકળ નગર મહાજનોના પ્રમુખ. આજે યે લંડન નગરીમાં નગરશેઠ કૂંચીઓ આપે ત્યારે રાજ્યાભિષેકની તિથિએ રાજવીથી લંડનપ્રવેશ કરાય. અમદાવાદના નગરશેઠવંશનો સવિસ્તાર ઇતિહાસ લખાય તો જૈન મહાજનિયાનો ઇતિહાસ ગુજરાત ભણે. અમદાવાદના માણેકચોકનો પુરાતન મહાજનિયો એક અજબ વહત હતો. લંડનમાં, પારીસમાં, ન્યુયોર્કમાં એની બાન્ધવબેલડી જડવી દુર્લભ. હજી હવે છપાનારા કવીશ્વર દલપતરામના ત્રીજા ભાગના સંસારવાડીમાંના ૭ માં પ્રકરણમાં એક કંડિકા છે.

'અમદાવાદના માણેકચોકનો મહાજનિયો દુનિયાનો એક અજબ પુરુષ છે. જગતભરમાં કદાચ એની જોડ જડવી દુર્લભ હશે. ઉદ્યોગી, ખંતિલો, હોંશીલો, ધૂળમાંથી એ સોનું સરજે છે. ત્રેવડ એનો ત્રીજો ભાઈ છે. કડદો Compromise એના સંસારપન્થનો ભાતામન્ત્ર છે. એટલા એના આદર આપે; ચોગઠામાં એની કલબ ભરાય; ચોકમાં એનાં જમણ થાય; અગાસી એનો પતંગમાળ અને હવામહેલ-પરસાળ એનો સરઅવસરનો ખંડ: એ ખંડમાં સત્કાર સન્માન અપાય, એમાં મન્દવાડ મણાય, એમાં મરણપથારીએ પોઢાય, એમાં ગોત્રજ મંડાય. એમ પરસાળ એટલે કુટુંબવાસનો સરઅવસર ખંડ. અમદાવાદી મહાજનિયો કંજુસ નહોતો, કરકસરિયો હતો; ઉડાઉ નહોતો, કોડીલો હતો. 'વાણિયો વરઘોડે ને બ્રાહ્મણ વરે' ત્યારે છલકાઈ જતા. આછી સંપતે એ ઉજળો હતો. એ ઘાંટા પાડે, કરડે નહિ, માથા કરતાં એની પાઘડી મોટી હતી. ચૌટામાં શાહની ને રાજદરબારે બાદશાહની ત્યારે આણ પ્રવર્તતી. એના પગમાં પગરખાં હોય કે ન હોય. ડામર નહિ, પણ છાંયડોપાથર્યાં ત્યારે અમદાવાદના રાજમાર્ગોમાં મધ્યાહ્નના એકાદ પ્રહર સિવાય જોડા જીવનની જરૂરિયાત નહોતા ગણાતા, મહોટપની શોભા મનાતા. એના પગમાં જોડા ન હોય, પણ ખેસને ખાસ્સી હીરકોરી કોર હોય. સંપત્તિ કરતાં એનો સમાસ અધિકો હતો. સજ્જનનું પરમ લક્ષણ એ છે ને ?–સમાસ.' મુંબઇના શેરબજારિયાની એક આંખ ઉન્માદભરેલી હોય છે, પણ બીજી આંખ નમનતાઇથી નમણી હોય છે; કો પ્રેમચન્દ રાયચન્દ બજારમાં પધારે તો એના ઉરભાવ દેવપૂજાના ભાવે ઉભરાય. પ્રેમાભાઈ કે હેમાભાઇ પ્રત્યેનાં અમદાવાદના માણેક ચોકનાં માન સન્માનભાવ એનાં તો લંડનના લોર્ડ મેયરને યે સ્વમાં આવે. એની દૃષ્ટિ દેશોને ઓળંગતી, સાગરો ઉપર ઝઝુમતી, ગિરિશૃંગોએ ચડતી ઉતરતી. આજે જહાજ ખંભાત બંદરે નાંગર્યાં ને કાલે ઠલવાયાં; પરમે માળવાની વણઝાર આવી ને પેલે દિવસે પાટણના તરપોળિયોમાં તર્પાઇ. આજકાલની વાતો વિચારશો ? ફોર્ડ, રોકફેલર, કાર્નેગીનાં જીવનવૃત્તો નવશિક્ષિતો ભણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે ભણો, પરદેશના ગુણભંડાર કે જ્ઞાનભંડાર અવગણવાના નથી પણ દેશને ભોગે પરદેશ ભણવું એ તો માને મૂકી પાડોશણને ધાવવા જેવું છે. ઘરની વાતો ભૂલીને પરદેશનું ભણવું એ પરદેશીઓએ કેટકેટલુંક કીધું? મરકતના મોતીબ્હારમાં નસીબ અજમાવી રંકતામાંથી ૫૦ લાખના આસામી સૂરતી અમદાવાદીઓ આ જમાનામાં થયાનું નથી જાણ્યું? માસિક ખારસા રૂપીયા ૩ ના પગારથી જિંદગી આરંભી આજ દશ કરોડનું વીલ કરનાર ગુર્જરપુત્ર નથી સાંભળ્યા? કરોડ કરોડનો પાસો ખેલનાર ગુર્જર શાહસોદાગરો મારી ને તમારી હયાતીમાં નથી થયા? આ મહિને સીત્તેર લાખ કમાયા અને આવતે મહિને એંશી લાખ ખોયા એ ગઇકાલની જ વાત નથી? વતનમાંથી મુંબઈ આવવા રેલભાડું ન હતું એ ઉછીતું લઇને આવ્યા; કોક ભાગ્યશાળી તિથિએ એંશીક લાખ કમાયા; બીજા ભાગ્યહીન દિવસે ચડેલી ભરતી ઓસરી ગઈ-રહ્યોમાત્ર એકી કલમે ઉતરાવેલો, ડહાપણના દીવા સમો, પાંચેક લાખનો વિમોઃ એ ગઇ રહાંજની વાત છે. ગુજરાતનું વૈસ્ય Romance આજે યે કરમાણું નથી. સૂરતનું ગોપીપરૂં ને અમદાવાદનો ઝવેરીવાડો નગરીના ઝવેરીવાડા જ છે, ધઉંબાજરીથી માંડીને હીરામોતીના સોદાઓના સાગરસફરી શાહસોદાગર એટલે જૈન મહાજનિયો. ધનની નદીઓ દેશમાં વાળે ને પાટણને આરે સરસ્વતી વહેતી એવી લક્ષ્મીની સરિતાઓ વહેવડાવે. જૈન મહાજનિયો એટલે વ્યાપારી સાહસ ને નગરીનો નગરશેઠ.

અને એ લક્ષ્મીની સરિતાઓ, સરસ્વતી નદીની પેઠે, પાછી ધરતીમાં જ સમાઇ જતી? ના, ના; મેલોઘેલો સુદામાજી કે કાલોઘેલો ગુજરાતી એવો ગાંડો નહોતો. દુષ્કાળની ઝાળો પ્રગટતી, તો જગડૂશાહ ઇન્દ્રાધાર ધનવરસાદ વરસાવીને ઠારતા. ગિરનાર, તારંગા, સિદ્ધાચળ, અર્બુદાચળનાં આપણાં ગિરિશિખરોને એણે શણગાર્યાં—શોભાવ્યાં, શિખરશિખરે એણે ધર્મનગરીઓ વસાવી. પત્થરમાં કવિતાઓ કોતરાવી; શિલાઓમાં અમર કલામંત્રો લખાવ્યા. વસ્તુપાળ તેજપાળનાં આબૂમન્દિરોને તો ફરગ્યૂસન કહે છે કે જમનાતટના તાજની કવિતાકલા યે ઝંખવી શકે નહિ. દિલ્હી, આગ્રા, ફતેપુર સીક્રીમાં અકબરશાહ ને શાહજહાં શાહ, જગતઇતિહાસના બે મહાકલાપૂજક શહેનશાહો, અમર આરસ કવિતાઓ લખાવી ગયા છે; ગિરનાર, સિદ્ધાચળ ને અર્બુદાચળનાં શિખરશિખરે ગગનમંડળ શું વાતો કરતી અમર આરસકવિતાઓ ગુજરાતના શાહો લખાવી ગયા છે. અને કલ્લોલની કનેના વનવગડામાં, સેરીસામાં, ગઈકાલે જ પાંચેક લાખના મન્દિરમાળ નથી રચાયા? જાવ ને સ્થાપો તો એક કોલેજ સમાય. પગથાર જૂઓ તો સરધારી ધાર જેટલો ઊંચો. એ વનવગડાને ગિરિશિખરોનાં જેવાં જ શાહે શહેરોને શણગાર્યાં છે; નગર નગરે જ નહિ; મહોલ્લે મહોલ્લે જૈન દેરાસરો ગુજરાતભરમાં મંડાયેલા છે, જે નગરીના શણગાર છે.

અમદાવાદના જૈન મન્દિરો અમદાવાદની સૈકાઓની શોભા છે. અમદાવાદની એક પોળ તે અમારી હાજા પટેલની પોળ; અને વડલાની શાખાપ્રશાખાઓ સમી હાજા પટેલની પોળમાં છે નવ પોળો. એ નવ પોળમંડળમાં પાંચ છ એક જૈન મન્દિરો છે. સહુમાં કેસર ઘોળાય છે ને પરિમળના ભભકાર ભભૂકે છે: સહુમાં યથાશક્તિ કલાની કવિતા ચિરસ્થાઇ છે, દિલની દિલાવરીની ચિરંજીવ સાક્ષીરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈન** એટલે અઢળક કલાકવિતાથી દેશને શણગારણહારો.

**અને જૈન** એટલે વરઘોડાઓ, **વીસ વીસ–ચાલીસ** ચાલીશ હજારની માનવમેદની જૈન વરઘોડા જોવાને મળતી; બે બે કલાક પૂર્વેથી જઈ ઉમંગીલી આંખે અમ બાળ-મંડળી એ જૈન વરઘોડાની વાટ નિહાળતી. પ્રથમ ઇન્દ્રધ્વજ ડોલતો ડોલતો આવે; જાણે સરવરનું ઝાડ ચાલતું આવ્યું. પછી વાણીયાના પુત્રો અલબેલા રાજકુમારો થયા હોય. એ ઘોડીલા નચાવતા આવે. કોઇ રાજા હોય, કોઇ રાજકુમાર હોય, કોઇ સામંતવર હોય, ધ્વજાપતાકાઓ ફરફરતી હોય, નિશાનડંકા ગાજતા હોય, સાજનમહાજનની આગલી હરોળ હોય, તેજવસ્ત્રધારી ધર્મતેજસ્વી સાધુમંડળ; એમની પાછલી હરોળમાં હોય ધીમી હંસપગલીએ નગરીની ધરતીને માપતા નગરશેઠ પ્રમુખ નગરીના મહાજનો. સાધુતાને લક્ષ્મી એમ નીચાં નમણે વંદતી ત્યારે. છેલ્લે છેલ્લે આવતો રત્નજડચો નકસીદાર સોનલરૂપલા દેવરથ; નાજુક ને નમણો; સોનાશીંગડિયાળા ને જરિયાન ઝૂલે ઝૂલંતા, દૂધવર્ણા, બે બાળગેંણિયા જોડેલો. જોવા બેઠેલું સકળ જૈનમંડળ દેવરથ દીઠે ખડું થઇ જાય. રથને ને રથબેઠા દેવને વંદે–પ્રણમે. દેવરથની પાછળ પાછળ, રૂપની વેલીઓ સમી, સોનારૂપાના કળશધારિણી શ્રાવિકાઓનો સુંદરીસંઘ સુંદરતાની પગલીએ સંચરતો હોય. અમદાવાદની ત્યારની સવા લાખની વસ્તીમાંથી, જૈન અને જૈનેતર, વીસ ત્રીસ હજારની સ્ત્રી–પુરુષની મેદની એ વરઘોડાઓનાં દર્શનાર્થે ઉલટતી. જૈન વરઘોડો એટલે કલાનું, સુંદરતાનું, ધાર્મિકતાનું જાણે નગરઘૂમતું પ્રદર્શન. ચક્રવર્તી મહારાજ અશોકવર્ધનનો એ ધર્મવારસો. અશોકદેવના ધર્મવારસાથી બાવીસ બાવીસ સદીઓથી આપણી નગરીઓ આજ ગાજે છે.

અને જૈન એટલે મધ્ય યુગમાં પ્રથમ પ્રહરનું ગુજરાતી સાહિત્ય. નરસિંહ મહેતાએ વૈષ્ણવતા ગાઈ ને ગવરાવી એ પૂર્વેના હજારેક વર્ષ એટલે ગુજરાતનું જૈન સાહિત્ય. ઇસ્વી. ૪૫૦ ની આસપાસ વલ્લભીપુરમાં કલ્પસૂત્રની પાઠાવલિ અક્ષરમાળામાં ઉતરી ત્યારથી નિર્ગ્રંથી જૈન ગ્રંથભંડારી થયો. અને ૧૪૭૦–૭૧ માં કેદારાની ધા સાંભળીને રા' માંડલિકના રાજદરબારમાં શ્રી હરિએ નરસૈયાને હાર આપ્યો; એ અંતરિયાળનાં એક હજાર વર્ષ એટલે પૂનમપૂનમની અખંડ ને અવિરામ સાગર ભરતીઓસમી જૈન સાહિત્યની શારદ ઋતુ એવી દીર્ઘ સાહિત્ય વસંતની શારદ ઋતુઓ જગત ઇતિહાસે વિરલ હશે. અને કોક ફૂલવાડીમાંની વિવિધતા સમી એ જૈન સાહિત્ય-વાડીની વિવિધતાયે અદ્દ્ભુત હતી. જંતરમંતર અને જ્યોતિષગણિતથી માંડીને ફિલસુફીની ગહન જ્ઞાનચર્ચા ને કવિતાની આકાશગામિની પાંખોના ઉડવાં એ સાહિત્ય દેશમાં છે. ૮૫ વર્ષ પૂર્વે, ૧૮૫૨માં, દલપત-ફારબસ ઉઘાડવાને ગયા હતા ત્યારે પાટણના સરસ્વતી ભંડાર ઉઘડ્યા હોત તો ગયા આઠ દાયકાઓમાં ગુજરાતને ને દુનિયાંને અદ્દ્ભુત જ્ઞાનવારસો સાંપડ્યો હોત. એ જ્ઞાન-ભંડારોમાં ધર્મશાસ્ત્રો, ધર્મના રાસાઓ, પ્રધાન ગ્રંથો હતા, છતાં હેમચંદ્રાચાર્યનું દ્વયાશ્રય મહાકાવ્ય અને મેરુતુંગાચાર્યની પ્રબંધચિંતામણિ સરખા ઇતિહાસગ્રંથો પણ હતા. જૈન સંઘ ગુજરાતનો ઇતિહાસ ઘડતો હતો તેમ ગુજરાતનો ઇતિહાસ લખતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સંઘ એટલે ચતુર્વિધ સંઘ. રાજસિંહાસનની પેઠે એ ધર્મસિંહાસનને યે ચાર છે પુણ્યપાયાઓ : સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા. એનું એકેક અંગ સરમુખ્તિયાર નહિ; ચારે દિશાઓની ચતુર્વિધ જ્યોત મળે ત્યારે તે સર્વસંગમ ધર્મચક્રવર્તી થાય. પુણ્ય ને પાપનાં ભેદ એ એમનો ધર્મોપદેશ; સદાચરણ એ એમની સિદ્ધિ ને તીર્થ. પણ વૈરાગ્ય ને તપશ્ચર્યાની જૈન પ્રથા નવીન, નિરાળી ને અનોખી છે. આયુષ્યભરના સંસારત્યાગ ન કરાય, સદાની સંન્યસ્ત દીક્ષા ન લેવાય એવી આત્મનિર્બળ વિશાળ માનવતાને કાજે માસમાસના, પક્ષપક્ષના, તિથિતિથિના, પ્રહરપ્રહરના ત્યાગ ને તપશ્ચર્યાનાં વિધવિધનાં વિધાનો એમના દીર્ઘદર્શી સંસારશાસ્ત્રીઓએ નિર્ધારેલાં છે. પ્રત્યેક માનવી કાંઇ વૈરાગ્યયોધ નથી કે સર્પની કાંચળીની પેરે સંસારને ફગોટી દે. બહુધા જનતા નિર્બળ છે, મનુષ્યસ્વભાવ અસ્થિરતારંગી છે; દુનિયા સર્વશક્તિશાળીઓની નગરી નથી, અલ્પશક્તિશાળીઓની નગરી છે. જૈન મહાત્માઓએ એ જોયું ને ઉપાયો નિયોજ્યા. પગમાંના જોર જેટલું માનવી ચાલે ને પાંખમાંના જોર જેટલું પંખી ઊડે. નાયા એટલું પુણ્ય, અને ઘડીક સંસાર ત્યાગ્યો એટલો સંન્યાસ એ જોઇ-વિચારીને જૈન સંસારશાસ્ત્રીઓએ આંબેલ, પોસહ, ઉપધાન, ઉપાશ્રયવાસ, અપવાસ નિયોજ્યા ને પળાવ્યા, અને એમ વૈરાગ્યનો ને સંસારત્યાગનો સ્વાદ જનતાને ચખાડયો. દુનિયા દેવોની નથી, માનવીની છે એ જૈનાચાર્યો વીસર્યા નથી; અને છતાં મધ્યવર્તી ભાવની સોળે કળામાંથી એકે ખંડિત થવા દીધી નથી. જીતે તે જૈન. ષડ્‌રિપુને, ઈંદ્રિયકુળના મહાવેગોને વશ કરે તે વીરપુત્ર; એ ભાવ તો અખંડ જ રાખ્યો. સજ્જનો અને સન્નારીઓ ! સરવાળે તો સાચો જૈન એટલે જિતેંદ્રિય; ભીષ્મ પિતામહનો નાનેરો ભાઈ.

અને તેમાં ય તે મારાં નમણાં નમનવંદન તો છે તમારા સાધ્વી આશ્રમને. સંસારની થાકેલીઓનો એ વિશ્રામધામ, વૈરાગિણીની વેલડનો એ લતામંડપ, સરસ્વતીની કુંવરીઓનો એ શારદાશ્રમ ને સંન્યસ્તગઢ. સંસાર પરિત્યાગે તે એ આરે આવી બેસે. એ સાધ્વી આશ્રમ વિના નિજનિજના જહાંગીર જગત સૂનું કરી જવે બાદશાહી જાહોજલાલીની કલગી સમી નૂરજહાંનો નિવૃત્તિપરાયણતાના કિયા મુકામ જઇને નિવાસતે ? હતો, અમારે બ્રાહ્મણધર્મમાં યે હતો એ સંન્યાસિણી આશ્રય, દેશકાળની ઝપટ વાગ્યે અલોપ થયો. પણ હજી જૈન સંઘે છે એ તેજવર્ણું ઉત્તરીયધારિણી, તેજપુત્રી સમી તેજસ્વિતાની પ્રતિમા મીરાંના પરિવ્રાજિકાને પગલે પૃથ્વીને પાવન કરતી સંન્યસ્તમૂર્તિઓ; સંઘની પ્રભા, શોભા અને લક્ષ્મી, સર્વસ્વત્યાગિણી જોગણો. એમના દર્શને આંખ ઠરે ને આત્મા પાવન થાય. વિલાસના વધતા જતા આજના યુગમાં અદ્ભુત છે એ જોગણોના મઠના મહાવૈરાગ્ય-વંદન છે, વીરીઓ !

ગુજરાતનો જૈન એટલે મૂળ વતને શ્રીમાળનો શ્રીમાળી, ઓશિયાનો ઓશવાળ, પ્રાગવટનો પોરવાડ, અને ગુર્જર દેશને વતન કીવે સુરતના ગોપીપરાનો સાગરસફરી ઝવેરી, અમદાવાદના માણેકચોકનો મહાભાગ મહાજનિયો, અને અણહિલ્લપુર પાટણનો ધર્મવીર, રાજવીર, ધનવીર, સાગરવીર ને ડહાપણવીર વૈશ્યરત્ન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧. " **પ્રાચીન ભારતવર્ષનું સિંહાવલોકન,** " લેખક શ્રી વિદ્યાવલ્લભ ઇતિહાસતત્ત્વમહોદધિ **આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજ** C. M. O. I. P.

'પ્રાચીન ભારતવર્ષ' નામનું કહેવાતું જૈન ઐતિહાસિક પુસ્તક ડૉકટર **ત્રિભુવનદાસ** લહેરચંદ શાહ તરફથી લખાઇ તેના વિભાગો પ્રગટ થાય છે. તેનું સચોટ, ઐતિહાસિક હકીકત રજૂ કરતું અને તે પુસ્તકમાં વિકૃત જૈન ઇતિહાસનું વિદ્વત્તાભર્યું અન્વેષણ કરતું આ સિંહાવલોકન ઉક્ત આચાર્ય મહારાજે ઘણો જ શ્રમ અને શોધખોળ કરી સત્ય હકીકત રજૂ કરતું લખ્યું છે. આ સિંહાવલોકન ગ્રંથમાં સંખ્યાબંધ પુસ્તકોના પુરાવાઓ આપેલ છે, તે જોતાં આચાર્ય મહારાજનું ઐતિહાસિક જ્ઞાન વ્હોળા પ્રમાણમાં છે તેમ જ પ્રાચીન અર્વાચીન પુસ્તકોનું પરિશીલન પણ અપરિમિત જણાય છે. વિશાળ દ્રષ્ટિ, તટસ્થતા, દ્વેષ રહિતની શૈલી આ સાહિત્યરસિક મહાપુરુષની તે માંહેના પુરાવાઓ માટે નરી પ્રમાણિકતા જણાઇ આવે છે. પૂરેપૂરો પ્રમાણિક અને સંપૂર્ણ જૈન ઇતિહાસ જો કે હજી લખાયો નથી પરંતુ આ પ્રાચીન ભારતવર્ષ જૈન ઐતિહાસિક હકીકતવાળા આ ગ્રંથમાં આ સિંહાવલોકન વાંચતાં ઘણી સ્ખલના થઇ છે તેમ જણાય છે. કોઇ પણ ઐતિહાસિક ગ્રંથમાં જૂનવાણી મતો કે મતાગ્રહને

---

પણ એની મહામાનતાએ ગુજરાતનો જૈન એટલે ષડ્ગુણસંપન્ન સંન્યસ્ત ને ષડ્ગુણસંપન્ન ગૃહસ્થાશ્રમ. સંન્યસ્થપક્ષે આપણા કાળમંડપને સોહાવી ગયા પાદલિપ્તસૂરિ, શીલગુણસૂરિ, હેમચંદ્રાચાર્ય, મેરુતુંગાચાર્ય, આનંદઘનજી અને હીરવિજયસૂરિ. અને ગૃહસ્થપક્ષે આપણા કાળમંડપને સોહાવી ગયા જગડૂશાહ. વસ્તુપાળ, શાન્તિદાસ નગરશેઠની વંશવેલડ, હઠીસિંહ શેઠ અને એમનાં સખાવતે બહાદુર કુંવર શેઠાણી. ગુજરાતની જૈન સંસ્કૃતિની એ શિખરમાળ. એ જેટલાં આભને માપે, એટલી જૈન સંસ્કૃતિ આભને માપે. જૈન સંઘનું એ જ્યોતિર્મંડળ. એવા સમર્થ ત્યાગ વૈરાગ્યના અવધૂતો અને એવાં સમર્થ ગૃહસ્થાશ્રમનાં મહારત્નો ગુજરાત ! તારે ખોળે પાકયાં છે તેનાં મારાં તને અભિનન્દન છે.

ચતુર્વિધ જૈન સંઘ ! આપનો ઇતિહાસ યશપ્રભાળો છે. વાંચો, વિચારો, ને નવઇતિહાસ ઘડો. ભૂતકાળથી ભવિષ્ય સવાયાં સરજો. ત્યાગધર્મ ને સંસારધર્મ બન્ને ય જોગવતાં આપની સંસ્કૃતિને આવડયાં છે.

સજ્જનો અને સન્નારીઓ ! જૈન એટલે ગુજરાતના રાજવંશનો રક્ષણહાર અને ગુજરાતનો શણગારણહાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇતિહાસમાં સ્થાન ન હોય, તેમ અવાસ્તવિક શંકાઓ, ઘટનાઓ, મરડીમચરડી મેળવી દેવાની વૃતિ અને મતિકલ્પના વગેરે પણ ન હોવા જોઇએ. આ ઐતિહાસિક ગ્રંથમાં કેટલીક હકીકતો તેવી છે તેમ આ સિંહાવલોકન ગ્રંથમાં ઐતિહાસિક સત્ય પુરાવાથી આચાર્ય મહારાજશ્રીએ બતાવી આપ્યું છે. અમારો એ વિષય નથી છતાં સિંહાવલોકન અને પ્રાચીન ભારતવર્ષ ગ્રંથ બંને તપાસતાં અનેક સ્ખલનાઓ આચાર્ય મહારાજે પુરવાર કરી આપેલ છે તે તમામ હકીકતોનો ખુલાસો પ્રાચીન ભારતવર્ષના લેખક ડૉકટર સાહેબે કરી પોતાનો ઐતિહાસિક ગ્રંથ પ્રમાણિક છે તેમ જૈન-જનસમાજને બતાવી આપવું જોઇએ. ડૉકટર ત્રિભુવનદાસભાઇ સરલતાથી સ્પષ્ટ ખુલાસો પ્રગટ કરશે તેમ આશા રાખીએ જ. જૈન ઐતિહાસિક કોઇ પણ ગ્રંથ મતિકલ્પના, અધૂરી તપાસ કે સંશોધન કે ગમે તે લખી નાંખેલ હોય તો તેથી ઇતિહાસનો હ્રાસ કર્યો કહેવાય, કારણ કે શ્રદ્ધા અને સાચા ઇતિહાસને ગાઢ સંબંધ હોઈ શ્રદ્ધાનો તે પ્રકાશક છે. દુનિયાના જૈનેતર વિદ્વાનોને જૈન સાહિત્ય, અને જૈન ધર્મ પર જે શ્રદ્ધા છે તે તેના ઇતિહાસના ખરાપણાને આભારી છે. ઐતિહાસિક ગ્રંથમાં લખાયેલ હકીકત ગમે તે કારણે વિકૃત થયેલી હોય તો પરિણામે ધર્મ, શાસ્ત્રકારો, ઇતિહાસકારો અન્યની દ્રષ્ટિએ અપ્રમાણિક-અપ્રતિષ્ઠિત ઠરે છે, જેથી ડૉકટર ત્રિભુવનદાસભાઇ ઉપરોક્ત કારણે પોતાના હાથે અથાગ પ્રયત્ને લખાયેલ આ ઐતિહાસિક ગ્રંથમાં વિકૃતપણું કે સ્ખલના હોય તે સુધારી તેને સત્ય ઠરાવવા પ્રયત્ન કરશે એમ સૂચવીએ છીએ. અથાગ પરિશ્રમે વિદ્વત્તાપૂર્ણ શૈલીએ અને પ્રમાણિક પુરાવા સાથે આચાર્ય મહારાજે આ સિંહાવલોકન તૈયાર કરવા અને સત્ય વસ્તુ બહાર આણવા જે પ્રયત્ન લીધો છે તે માટે જૈનસમાજ આભારી છે. પ્રાચીન ભારતવર્ષ ગ્રંથ ઉપર આચાર્ય મહારાજ, આ ગ્રંથ ઉપરાંત હજી પણ વિશેષ સિંહાવલોકન પ્રગટ કરવાના છે તે તમામ ઇતિહાસપ્રેમી પુરુષો અને જિજ્ઞાસુઓએ મનનપૂર્વક વાંચવાની જરૂર છે. કિંમત દોઢ રૂપીયો. પ્રકાશક-શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા-ભાવનગરથી મળશે.

---

**૨. શેઠ દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી જૈન બોર્ડીંગ હાઉસ જૂનાગઢ, શાખા-જેતપુર ચોથો ત્રિવાર્ષિક રિપોર્ટ**—દાનવીર શેઠ દેવકરણભાઇની ઉદારતાભરેલી સખાવતથી જૂનાગઢ શહેર તીર્થધામમાં આ બોર્ડીંગ શુમારે બાર વર્ષથી નિયમિત ઉદ્દેશ પ્રમાણે ધારાધોરણ અને વ્યવસ્થાપૂર્વક ચાલે છે. તા. ૧-૬-૩૩ થી તા. ૩૧-૫-૩૬ સુધીનો આ વિસ્તારપૂર્વક રિપોર્ટ વાંચતા કાર્યવાહક કમીટી અને શ્રીયુત મહેતા **મનસુખલાલભાઈ ધરમશી** અને વાસો **ભાઇચંદ પરમાણંદદાસ** તરફથી સંપૂર્ણ ઉત્સાહ, કાળજી તથા ખંતથી આ બોર્ડીંગની કરાતી સેવા પ્રશંસનીય છે. રૂપીયા આપનાર લાખો રૂપીયા આપે તેની કદર કરવી, કાર્ય શોભાવવું, નિઃસ્વાર્થ સેવા આપી આત્મકલ્યાણ સાધવું તેમાં ખરું મહત્વ છે તેમ શેઠ દેવકરણભાઇના સખાવત કાર્યને દિવસાનુદિવસ ઉન્નતિમાં મૂકનાર આ બોર્ડીંગના માનદ સેક્રેટરી સાહેબો અને કમીટીને ધન્યવાદ ઘટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બોર્ડીંગની દરેક કાર્યવાહી નિયમિત, ધારાધોરણપૂર્વક વિસ્તારથી આપેલ છે. આવક-જાવક ખર્ચ, હિસાબખાતું પણ યોગ્ય અને ચોખવટવાળું છે. આવી વ્યવસ્થિત બોર્ડીંગ જૈનસમાજને અનુકરણીય છે. જેતપુરની શાખા (શ્રીમાન રંભાબાઇ પાનાચંદ માવજી વિદ્યાર્થી ભુવન) પણ આ કમિટીની દેખરેખ નીચે વ્યવસ્થિત ચાલે છે તે પણ રિપોર્ટ ઉપરથી જણાય છે. અમે આ સંસ્થાની ભાવિ ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

૩. **શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભોજનશાળા ઠે. પાંજરાપોળ અમદાવાદ નવા વર્ષનો પ્રથમ વાર્ષિક રિપોર્ટ અને હિસાબ** અમોને પહોંચ્યો છે, અમદાવાદ જેવા વેપાર ઉદ્યોગવાળા શહેરમાં બહારગામથી આવતાં જરૂરીયાતવાળા જૈન બંધુઓ માટે આ ભોજનશાળા એક આશીર્વાદ સમાન છે, તેનો લાભ સારો લેવાય છે. કાર્યવાહકો વગેરે બંધુભાવે સારી રીતે સેવા કરે છે. આવા સેવાના કાર્યો મ્હોટા શહેરમાં હોવા જ જોઇએ. દશ વર્ષ થયાં ચાલતા આ ખાતાનો રિપોર્ટ વાંચતાં જૈન ભાઇઓને રાહત સારી મળે છે. અમે કાર્યવાહક કમીટીના આ કાર્યની પ્રશંસા કરીએ છીએ. હિસાબ, આવક-જાવક ખર્ચ વગેરે ચોખવટવાળો છે. આર્થિક સહાય આપી તેની તમામ જરૂરીયાત પૂરી પાડવા સૂચના કરીએ. ભવિષ્યમાં જૈન બંધુઓ વધારે રાહત મેળવે એમ ઇચ્છીએ છીએ.

---

## વર્તમાન સમાચાર.

**ઉજમબાઇ જૈન કન્યાશાળાનો ઇનામી મેળાવડો:**—અત્રેની ઉપરોક્ત સંસ્થાની બાળાઓને ઇનામ આપવાનો એક મેળાવડો ભાવનગર સ્ટેટના કેળવણીખાતાના અધિકારી સાહેબ શ્રીયુત ગજાનનભાઇ ભટ્ટ ઉ. બી. એ. એલ. ઇ. ડી. ના પ્રમુખપણા નીચે ગત આસો વદ ૧૩ રવિવારે બપોરના મારવાડીના વંડા( જૈન ઉપાશ્રય )માં મળતાં આગેવાન ગૃહસ્થો અને વ્હેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રારંભમાં સંસ્થાના સેક્રેટરી શ્રી હરજીવનદાસ દીપચંદે નિવેદન પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શેઠ ગુલાબચંદ આણંદજીની દરખાસ્ત અને શેઠ દેવચંદ દામજીના અનુમોદનથી પ્રમુખસ્થાને શ્રી ગજાનનભાઇની વરણી થવા બાદ શાળાની બાળાઓએ સ્વાગતના તેમ જ પ્રાસંગિક ગરબાઓ ગાઇ સભાને રંજીત કરી તેમજ આજના સામાજિક જીવન-પ્રસંગો ઉપર પ્રકાશ પાડતો એક નાનો પરંતુ અસરકારક ગરબો ગાઇ સંભળાવ્યો.

ત્યારબાદ સંસ્થાના સેક્રેટરી શ્રી વલ્લભદાસ ગાંધીએ ૩૬ વર્ષ પહેલા થએલ સંસ્થાની ઉત્પત્તિનો અને એ સમયની ભાવનગરની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો.

બાદ ન્યાયાધિકારી શ્રીયુત્ જીવરાજભાઇ ઓધવજીભાઇ દોશીએ જૈનધર્મની વિશાળતા ને સ્ત્રીઓના કાયદેસર હક્ક ઉપર વિવેચન કર્યું.

બાદ શેઠ કુંવરજી આણંદજી, શેઠ દેવચંદ દામજી, કવિ રેવાશંકરભાઈ, શ્રી પ્રમુખ-સાહેબે વગેરેએ પ્રાસંગિક વિવેચન કર્યા બાદ છેવટે પ્રમુખશ્રીના હસ્તે બાળાઓને ઇનામો અપાયા બાદ સૌનો આભાર માની મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ:**—પીસ્તાળીશ વર્ષ સુધી નિરતિચારપણે ચારિત્ર પાળી, ક્રિયાપાત્ર સંત મહાત્મા ગયા આસો વદિ ૮ ના રોજ થોડા દિવસની બિમારી ભોગવી પોતે જીવનમાં ઇચ્છેલા પવિત્ર **શ્રી શત્રુંજય તીર્થધામમાં સમાધિ**પૂર્વક કાળધર્મ પામ્યા છે. પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજજી પાસે ચારિત્ર અંગીકાર કર્યું હતું. ત્યારથી અંત સમય સુધી નિઃસ્પૃહીપણું, જ્ઞાનધ્યાન, સાહિત્યસેવા, ગુરુભક્તિમાં મશગુલ હતા. સરલ, સાદું, હળવું અને બાળજીવો ગ્રહણ કરી શકે, જલદી પચાવી શકે તેવું સાહિત્ય ઉપદેશદ્વારા અનેક પાસે પ્રગટ કરાવી ઉદારતાથી છૂટે હાથે કોઇ પણ જૈન વ્યક્તિને વહેંચી આપતા હતા, તે તો તેમનો મુખ્ય ધ્યેય દેહ સુધી રહ્યો હતો. આત્મજાગૃતિ, લોકકલ્યાણ અને ચારિત્રને બાધ ન આવે તેમ દેશોદ્ધારની ભાવના પણ તેમનામાં જાગૃત હતી. થોડો શિષ્ય સમુદાય હોવા છતાં તે માટે પણ નિર્મમત્વી હતા આવા એક મહાપુરુષના સ્વર્ગવાસથી ખરેખરા મુનિરત્નની જૈન સમાજને ખોટ પડી છે. આ સભા ઉપર તેમની કૃપા હતી, પ્રેમ હતો, માન હતું. "આત્માનંદ પ્રકાશ"માં વખતે વખતે લેખો આપી, કાર્યવાહકો મળે ત્યારે સાહિત્ય સંબંધી અનેક સૂચનાઓ પણ દેતા, તેથી આ સભાને પણ તેમના સ્વર્ગવાસથી અત્યંત ખેદ થયો છે. તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## છેલ્લા પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. | ૩–૮–૦ | ૬ શ્રી જૈન મેઘદૂત | ૨–૦–૦ |
| ૨ શ્રી વસુદેવ હિંડિ ,, દ્વિતીય અંશ | ૩–૮–૦ | ૭ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય | ૨–૦–૦ |
| ૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ | ૪–૦–૦ | ૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા | ૦–૪–૦ |
| ૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર(છેદસૂત્ર) ૨ ભાગ | ૬–૦–૦ | ૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે | ૧–૮–૦ |
| ૫ ચાર કર્મગ્રંથ (શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા) | ૨–૦–૦ | ૧૦ ચેઇવંદણ મહાભાસં | ૧-૧૨-૦ |

---

## છપાતાં ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ **श्री मलयगिरि व्याकरण.**

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ श्री गुणचंद्रसूरिकृत श्री महावीर चरित्र भाषांतर

५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री बृहत्कल्प भाग ३–४

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બહુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬—૦—૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only